Reg. No. B. 876

શ્રીજૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગના હિતાર્થે પ્રકટ થતું.

सर्वं परवशं दुःखं, सर्वमात्मवशं सुखम् ।
एतदुक्तं समासेन लक्षणं सुखदुःखयोः ॥

વર્ષ ૨ જું. સને ૧૯૧૦.

# બુદ્ધિપ્રભા.

## ( LIGHT OF REASON. )

અંક ૫ મો. ઓગષ્ટ.

नाहं पुद्गलभावानां कर्त्ता कारयिता न च ।
नानुमन्तापि चेत्यात्म-ज्ञानवान् लिप्यते कथम् ॥

પ્રગટકર્ત્તા,

અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ.

---

વ્યવસ્થાપક,

શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગ,

નાગોરીસરાહ-અમદાવાદ.

વાર્ષિક લવાજમ-પોસ્ટેજ સાથે રૂ. ૧-૪-૦. સ્થાનિક ૧-૦-૦

અમદાવાદ: શ્રી 'સત્યવિજય' પ્રેસમાં સાંકલચંદ હરીલાલે છાપ્યું.

## વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ટ. |
|---|---|
| ૧. મિત્રને પત્ર. ... ... ... ... ... | ૧૨૯ |
| ૨. સમતા. ... ... ... ... ... | ૧૩૦ |
| ૩. ગુરૂબોધ. ... ... ... ... ... | ૧૩૧ |
| ૪. "શું દુનિઆ દિવાની છે?" ... ... ... | ૧૩૪ |
| ૫. શ્રી સર્વજ્ઞની અતિશય ભરી વાણીનું સામાન્ય દ્રષ્ટાન્ત... | ૧૩૮ |
| ૬. માર્ગાનુસારીના પાંત્રીસ ગુણ. ... ... ... | ૧૩૯ |
| ૭. ખોટા ખ્યાલ.... ... ... ... ... | ૧૪૪ |
| ૮. મલયાસુંદરી. ... ... ... ... ... | ૧થી૧૬ |



યોગનિષ્ટ મુનિશ્રી બુદ્ધિસાગરજી રચિત.

## ચિંતામણી.

સાણંદની **જૈનોદય બુદ્ધિસાગર સમાજ** તરફથી પ્રસિદ્ધ થએલા આ પુસ્તકમાં ૩૦૭ વચનામૃતનો સંગ્રહ છે, તે ઉપરાંત કેટલીક ગહુંલીઓ તથા સ્ત્રી ઉપયોગી હિતવચનો છે. વળી અવળવાણીમાં લખાયેલી બે ત્રણ હરીઆળીઓ અર્થ સાથે આપેલી છે. આવું ૮૪ પૃષ્ટનું પુસ્તક ફક્ત બે આનામાં પડે છે. માટે દરેક જૈનને તે વાંચવા ભલામણ કરવામાં આવે છે. અઢી આનાની ટીકટ બીડી મંગાવી લેવું.

---

## વાંચવા લાયક ઉત્તમ પુસ્તકો.

| | કીંમત. |
|---|---|
| ગુરૂદર્શન... ... ... ... ... | ...૦-૬-૦ |
| જ્ઞાનદીપક. ... ... ... ... | ...૦-૩-૦ |
| દયાનોઝરો. ... ... ... ... | ...૦-૪-૦ |
| યોગમાર્ગ ભોમીઓ. ... ... ... | ...૦-૨-૦ |

બુદ્ધિપ્રભાના ગ્રાહકોએ ૧૧ આનાની ટીકટ બીડી મંગાવી લેવાં.

પોસ્ટેજ ફ્રી. મળવાનું ઠેકાણું.

**બુદ્ધિપ્રભા ઓફીસ-અમદાવાદ.**

# બુદ્ધિપ્રભા.

## (The Light of Reason)

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिग्रहद्योतकम् ॥
सत्यासत्यविवेकदं भवभय–भ्रान्तिव्यवच्छेदकम् ॥
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं 'बुद्धिप्रभा' मासिकम् ॥


વર્ષ ૨ જું. તા. ૧૫ મી અગષ્ટ સન ૧૯૧૦. અંક ૫ મો.


## मित्रने पत्र.

કર્મયોગે બાહ્યપ્રદેશમાં સંચરશું.
અન્તર પ્રદેશમાં અવતરશું રે. કર્મ.
ભક્તોની પ્રેરણામાં કર્મ નિમિત્ત છે, પંચકારણ મળી આવે.
બાહ્યઅંતરમાં કારણકાર્યતા, વિહારમાં એમ થાવે રે કર્મ–૧
ઉપશમ આદિ યોગે અન્તરમાં, નિઃસંગા એ વિહરશું.
વિઘ્નો આવે તેને ધ્યાને હઠાવી, અન્તરથી ઉજ્જવલ કરશું રે. કર્મ–૨
પ્રારબ્ધ પર્યંત બાહ્યવિહારમાં, ભમ્યા અને વળી ભમશું.
પ્રારબ્ધ ભિન્ન જે અંતર દેશમાં, ભાવવિહાર થકી રમશું રે. કર્મ–૩
શાતા અશાતા જેજે આવે તે, ચૈતન્યથી ભિન્ન ગણશું.
સોહં સોહં અલખ જગાવી, તત્ત્વમસિવેદ ભણશું રે. કર્મ–૪
આત્મ સામર્થ્યથી જ્યારે ત્યારે પણ, શુદ્ધ સ્વરૂપ નિજ વરશું.
રાગ કે દ્વેષ નહિ કર્મ ઉપર એવી, સહજ દશામાં સંચરશું રે. કર્મ–૫
પ્રત્યક્ષ દર્શન દેખે સ્વરૂપનિજ, વ્યાપ્તિના વાદ કેમ કરશું.

શબ્દથકી પણ ભિન્ન પરબ્રહ્મ, અનુભવ જ્ઞાનથી વરશું રે. કર્મ-૬
પંચપરમેષ્ઠિથી પૂજ્ય પ્રભુ આ, વ્યાપક દેહમાં સુહાયા.
બુદ્ધિસાગર ભાવના કેશર-વિજય તિલકથી પૂજાયા રે કર્મ-૭

---

# समता.

સમતા યોગ વરીજે, સાધુભાઇ સમતા યોગ વરીજે
કર્મ કલંક હરીજે. સાધુ-
સમતાવણ દીક્ષા નહિ લેખે, સમતા શિવ સુખ કયારી
સમતા સિદ્ધિવધુ ગુણકારી સમતાવણ દુ:ખભારી. સાધુ-૧
સમતાવણ છૂટે નહિ મમતા, શમતા સંયમ સારી;
સમતાવણ શોભે નહિ સંયમ, જોશો તત્ત્વ વિચારી. સાધુ-૨
ગચ્છક્રિયાના ભેદો ટાળી, સમતા ગંગમાં ઝીલો;
નિર્મલ ચેતન આનંદ પામી, પર પરિણતિને પીલો સાધુ-૩
સમતાવણ વિદ્યા ધૂલધાણી, સમતા સકલ ગુણ ખાણી;
બુદ્ધિસાગર સમતા સંગી, હોવે કેવલજ્ઞાણી. સાધુ-૪

---

ડૉકટર **હયુઅર્ડ** જેઓ ફ્રાન્સની એકેડીમી ઓફ મેડ્સીનના એક સભાસદ છે, અને હૈડાંના દર્દના સૌથી જાણીતા ખાસ તબીબ છે, અને જેમણે લોહી ફરવા ઉપર ખોરાકથી થતી અસર વિષે પોતાનો ઘણો વખત રોકી અભ્યાસ કર્યો છે, તેઓ જણાવે છે કે હૈડાં તથા ધોરી નસોના ઘણાક દર્દો લોહીના ભારે દબાણને લીધે થાય છે અને તેને સારા કરવા સારૂ બીજા ઉપાયો સાથે **અન્ન ફળ શાકનો ખોરાક આપવો જોઇએ.**

× × × × ×

**પ્રોફેસર મેડ મોઇઝેલ તોટીકો** નામના બાનુ તબીબે ઘણાક માંસાહારી તથા અન્ન ફળ શાક ખાનારાઓના જોર અને થાક ખમવાની શકિત વિષે ચોક્કસ હથીયારથી ઘણાક અખતરા કીધા પછી તેણીને માલમ પડયું કે માંસાહારી માણસ કરતાં **વનસ્પતી ખોરાક ખાનાર માણસનું જોર અને સહનશક્તિ સરાસરી ત્રણ ઘણી વધારે હતી.** તેણીના આ અખતરાથી કીધેલી શોધ સારૂ ફ્રાન્સના 'એકેડીમી ઓફ મેડ્સીને' તેણીને **એક ઇનામ આપ્યું હતું.**

× × × × ×

# ગુરુબોધ.

## ( લેખક. મુનિ બુદ્ધિસાગર. )

### શ્રદ્ધા.

મનની કોઇ પણ પદાર્થ સંબંધી નિશ્ચલતાને શ્રદ્ધા કહે છે. અમુક પદાર્થ આમજ છે, એમ મનમાં જે નિશ્ચય થાય છે તે શ્રદ્ધાના અનેકભેદ છે. મનુષ્ય પોતાનાથી બને તેટલો વિચાર કરી કોઇપણ પદાર્થનો નિશ્ચય કરે છે. બાહ્યવસ્તુઓને મનુષ્યો જોઇને તેઓનો નિશ્ચય કરે છે. કોઇ પદાર્થ આવોજ છે, એમ સ્વબુદ્ધ્યનુસાર જે નિશ્ચય કરવામાં આવે છે તે નિશ્ચય પરિપૂર્ણ અંશે સત્ય છે કે કેમ તે પરિપૂર્ણ જ્ઞાનવિના કહી શકાય નહીં, પરિપૂર્ણ જ્ઞાનવિના ( કેવળજ્ઞાનવિના ) જે પદાર્થોનું અવલોકન થાય છે તે સંપૂર્ણ અંશે સત્ય છે એમ કહી શકાય નહીં. માટે અલ્પજ્ઞાનિયોના નિશ્ચયની શ્રદ્ધા સંપૂર્ણ અંશે બાજબી નથી. ત્યારે હાલ કોના નિશ્ચયને માન આપવું એમ પ્રશ્ન થશે, તેના ઉત્તરમાં કહેવાનું કે, કેવલજ્ઞાનિએ દીઠેલા પદાર્થોનું જેવું સ્વરૂપ છે, તેજ ખરૂં સ્વરૂપ ગણાય માટે તેમના વચનને અનુસરી પદાર્થોની શ્રદ્ધા કરવી એજ સત્યશ્રદ્ધા ગણાય. કેવલજ્ઞાનિએ દેવગુરૂ અને ધર્મનું જે સ્વરૂપ કહ્યું છે તેજ સત્ય છે. કેવલજ્ઞાનિયે જગત્માં નવ તત્ત્વ જણાવ્યાં છે. તેજ સત્ય છે, કેવલજ્ઞાનિએ ષડ્દ્રવ્યનું સ્વરૂપ જાણ્યું, દેખ્યું અને કહ્યું છે તેજ દ્રવ્ય સત્ય છે. કેવલજ્ઞાનિએ વ્યવહાર અને નિશ્ચયનયથી પદાર્થોનું જે સ્વરૂપ વર્ણવ્યું છે તેજ સત્ય છે. કેવલજ્ઞાનિએ નિગોદનું જે સ્વરૂપ જે પ્રમાણે પ્રરૂપ્યું છે તેજ સત્ય છે. આપણી અલ્પમતિના યોગે તેનું યથાર્થસ્વરૂપ સમજાય નહિ તોપણ મુંઝાવું નહિ. કારણ કે કેવલજ્ઞાનમાં જે વસ્તુઓ ભાસે છે તેનો પરિપૂર્ણ અનુભવ શું મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન કરી શકે, ના કદી કરી શકે નહિ.

માટે સર્વજ્ઞના વચનમાં અશ્રદ્ધા કરવી નહિ, જેમ જેમ નિગોદ વગેરેનું સ્વરૂપ સમજવા માટે સંયમ કરવામાં આવે છે, તેમ તેમ તેના સ્વરૂપનો પ્રકાશ થાય છે.

કેવલજ્ઞાનિએ ચાર ગતિનું જેવું સ્વરૂપ કહ્યું છે તેજ પ્રમાણે તે સત્ય છે. સંસાર અને મોક્ષનું સ્વરૂપ જે પ્રમાણે કહ્યું છે, તેજ પ્રમાણે સત્ય છે. તેમજ લોક અને અલોકનું જેવું કેવલજ્ઞાનિએ સ્વરૂપ કહ્યું છે તેજ પ્રમાણે સત્ય છે. કેવલજ્ઞાનિએ લોકને શાશ્વત અને અશાશ્વત કહ્યો છે તેજ પ્રમાણે તેનું સ્વરૂપ છે. બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્માનું સ્વરૂપ જેવું કેવલજ્ઞાનિએ કહ્યું છે તેજ પ્રમાણે સત્ય ભાસે છે. મુક્ત થવા કેવલજ્ઞાનિએ જ્ઞાનદર્શન અને ચારિત્રની પ્રરૂપણા કરી છે તેજ પ્રમાણે સત્ય છે. ગૃહસ્થ અને

સાધુધર્મની કેવલજ્ઞાનિએ જે પ્રમાણે પ્રરૂપણા કરી છે તેજ પ્રમાણે સત્ય છે.

અષ્ટાદશદોષરહિત દેવ, અને પંચ મહાવ્રત ધારી જિનાજ્ઞા પાલક સદ્‌ગુરૂ અને કેવલજ્ઞાનિએ કહેલો ધર્મ એ ત્રણ તત્ત્વ ખરેખર સત્ય છે; તેની શ્રદ્ધાજ ખરી છે એમ માનનારને સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે.

આત્મા છે, આત્મા નિત્ય છે, કર્મ છે. કર્મનો કર્તા તથા ભોગવનાર આત્મા છે. કર્મનો હર્તા (નાશકર્તા) આત્મા છે મોક્ષ છે અને મોક્ષના ઉપાય છે. કેવલજ્ઞાનિએ જે આવી પ્રરૂપણા કરી છે તે સત્ય છે.

કર્મના આઠ ભેદ અને તેની એકશો અઠ્ઠાવન પ્રકૃતિયોનું જે વર્ણન કર્યું છે તે સત્ય છે.

કેવલજ્ઞાનિના જ્ઞાનમાં જે ભાસે છે તે સત્ય ભાસે છે, તેમજ કેવલજ્ઞાની તીર્થંકર રાગ દ્વેષ રહિત છે, તેથી જે કહે છે તે સત્ય કહે છે. કેવલજ્ઞાનિનાં વચનો ત્રણ કાલમાં અખંડ રહે છે. માટે તેમની વાણી તેજ સત્ય દેવી છે તેની શ્રદ્ધા કરવી.

સર્વજ્ઞનાં વચનોની શ્રદ્ધા થતાં મિથ્યાબુદ્ધિનો નાશ થાય છે. અવિવેક બુદ્ધિ ટળે છે અને વિવેકબુદ્ધિ પ્રગટે છે. સત્ય પ્રતિ રૂચિ પ્રગટે છે અને અસત્ય ઉપર અરૂચિ પેદા થાય છે. કુદેવ, કુગુરૂ, અને કુધર્મમાં પ્રેમ રહેતો નથી. જેમ સૂર્યનો પ્રકાશ થતાં અંધકારનો નાશ થાય છે, તેમજ સત્યતત્ત્વની શ્રદ્ધા થતાં અસત્યબુદ્ધિનો નાશ થાય છે.

આત્મા પોતાનું શુદ્ધ સ્વરૂપ સમજે છે અને અશુદ્ધ તત્ત્વને અશુદ્ધ તરીકે જાણે છે. સર્વજ્ઞનાં કથિત તત્ત્વોની શ્રદ્ધા થતાં આત્મા બીજના ચંદ્રની પેઠે પ્રકાશી નીકળે છે અને ઉત્તરોત્તર વૃદ્ધિ પામતાં પૂર્ણિમાનાચંદ્રની પેઠે પૂર્ણ પરમાત્મસ્વરૂપ પ્રાપ્ત કરે છે. માટે શ્રદ્ધાની અત્યંત આવશ્યકતા છે. શ્રદ્ધાવિના દયાદિવ્રતો પાળી શકાતાં નથી. માટે શ્રદ્ધાજ ધર્મનું મૂળ છે. જો શ્રદ્ધા ન હોય તો પાયાવિનાના પ્રસાદની પેઠે વ્રતો ટકી શકતાં નથી. શ્રદ્ધા વિનાનું ચારિત્ર મોક્ષ પદ આપી શકતું નથી. શ્રદ્ધાવિનાનું ચારિત્ર અભવ્યો પણ પાળી શકે છે. શ્રદ્ધાવિના ધર્મનાં કષ્ટો સહન થઇ શકતાં નથી. શ્રદ્ધા વિના ક્ષણમાં મન ડગી જાય છે. શ્રદ્ધાવિના પ્રાણાંત ઉપસર્ગ સહન થઈ શકતા નથી. જિનસર્વજ્ઞ ભગવાન્ કહે છે કે તત્ત્વોની શ્રદ્ધાથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે અને આત્મા અનંતસુખ પ્રાપ્ત કરી શકે છે.

તત્ત્વની શ્રદ્ધા ધારણ કરનારનું મન જેવું ધર્મમાં સ્થિર રહે છે તેવું અન્યનું રહેતું નથી. ચોળ મજીઠના રંગની પેઠે તત્ત્વની શ્રદ્ધા થવી જોઇએ—અંધશ્રદ્ધા વા કુળશ્રદ્ધા વા દષ્ટિરાગની શ્રદ્ધાને દૂર કરી જ્ઞાનપૂર્વક શ્રદ્ધા કરવાની જરૂર છે.

જે મનુષ્યો તત્ત્વનો અભ્યાસ કરી જ્ઞાનશ્રદ્ધા પ્રાપ્ત કરે છે તેઓને કોઇ

ભરમાવી શકતું નથી. જેઓને તત્વનું જ્ઞાન નથી તેઓ ગાડરીયા પ્રવાહની પેઠે અજ્ઞાનરૂપ અંધકૂપમાં પડી જન્મ જરા મરણનાં દુઃખો પામે છે.

સમ્યક્ત્વ રત્નની ખાસ જરૂર જો હોય તો પ્રથમ તત્વની શ્રદ્ધા કરવી જોઇએ. સદ્‌ગુરૂ શ્રુતજ્ઞાને જે ઉપદેશ આપે તેનો પરિપૂર્ણ વિચાર કરી શ્રદ્ધા કરવી જોઇએ. સદ્‌ગુરૂની શ્રદ્ધા કરવી જોઇએ. આત્મજ્ઞાની ગીતાર્થ સદ્‌ગુરૂ હોવા જોઇએ.

સર્વજ્ઞનાં વચનો જેના હૃદયમાં સત્ય ભાસ્યાં છે. કોઇપણ વચન જૂઠું નથી એવી શ્રદ્ધાવાળાને નિશ્ચલસમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે. ગમે તે જાતિનો મનુષ્ય આવી શ્રદ્ધા ધારણ કરે છે તે સમ્યક્ત્વને પામે છે. તિર્યંચપણ સમ્યક્ત્વને પામે છે. આવી ઉત્તમ અમૂલ્ય શ્રદ્ધા પામવા અહર્નિશ પ્રયત્ન કરવો. શ્રદ્ધા પામી અનેક જીવો મુક્તિ પામ્યા–પામે છે અને પામશે. **ॐ शांतिः ३**

---

## પક્ષીઓની કેદ છોડાવવા અરજ.

માણસના બે મીનીટના શોખ ખાતર પાંજરામાં જીંદગીપર્યંત બંદીવાન થતાં પક્ષીઓ માટે લંડનના 'Animal's, Friend' માસીકના અધિપતિ મી. **અર્નેસ્ટ બૅલ**ની કેટલીક દલીલો ફરીથી છપાવી આપણા મિત્ર મી. લાભશંકર લક્ષ્મીદાસ, દયાળુ યુરોપિયન અને હિન્દી પ્રજાને અર્જ કરે છે કે—" આ ઘાતકી રીવાજ બંધ કરવા તથા પક્ષીઓને છુટાપણું વ્હાલું વધારે છે, તેથી છુટાપણું બક્ષવાના કામને ઉત્તેજન આપવું, **કેમકે** પોતાના થોડા વખતના શોખની ખાતર જન્મસુધી બંદીવાન કરવાનું કામ કોઇપણ દયાળુ, ઇનસાફી અને વિચારવંત માણસ તો કદી કરે નહિ, **અ**મેરિકાના યુનાઇટેડ સ્ટેટસની સરકારે આ વ્યાપાર તદ્દન બંધ કીધો છે; તેજ પ્રમાણે **હિન્દી સ**રકાર એવો એક કાયદો ઘડે એવો આગ્રહ દયાળુ જનોને મી. લાભશંકર કરે છે.

મી. લાભશંકર બીજું એક હેન્ડબીલ જેની દશ હજાર કોપી જૈન શ્વે. કોન્ફરન્સ તરફથી વહેંચવામાં આવી છે તેમાં પોતે જાતે જોયેલ પાંજરામાં રહેતા પોપટ ઉપર અજાણતાં પડતું દુઃખ વર્ણવી દાખલા સાથે બતાવે છે કે, બેડી ! સોનાની છતાં પણ હે મનુષ્યો ! તમને પસંદ નથી તો, ખુલ્લી હવામાં, આકાશમાં, કલ્લોલ કરતાં પક્ષીઓને, સોના કે રૂપાનું પાંજરૂં શા કામનું છે ? માટે જેઓ આ શોખ ધરાવતા હોય તેઓએ આંખો ઉઘાડવી જોઇએ છે. પોપટ વેચનારા એક પાંજરામાં સંખ્યાબંધ પોપટો ભુખે તરશે ભરી વેચવા નીકળે છે. મુંબઇની પક્ષીઓ વેચવાની મારકીટમાં જુવો તો ત્યાં હજારો પક્ષીઓ પાંજરામાં આ રીતે ભરેલાં હોય છે. આ રીવાજને શું હિંદુઓ દૂર ન કરી શકે ? શું આને ઘાતકીપણું ન કહી શકાય ?

# " શું દુનીઆ દીવાની છે "?

## જાગ—જાગ.

( લેખક. મધુકર )

( અંક ચોથાના પાને ૧૧૦ થી અનુસંધાન )

### " જાગો—જાગો—જાગવું છે જરૂર. "

જેમ જેમ સમય પસાર થાય છે, કલાકો વહે છે, દિવસો જાય છે, તેમ તેમ સ્થૂલ ( ઐાદારિક ) શરીર નાશ થવાના સમયની નજીક જવાય છે, અને જે કાર્ય કરવાનું છે, તે—નિંદ્રામાં રહી જાય છે. ( શરીર અને જીવનો સંબંધ દૂર કરી જીવને આત્મ પરમાત્મપદ મેળવવાનું છે, અને તે સંસારની ગતિમાં માત્ર મનુષ્ય અવતારેજ—મનુષ્યગતીથીજ કર્ત્તવ્ય કર્મ પૂરૂં કરી મેળવી શકાય છે. તે ગુમાવાય છે. ) અને અંધાની માફક ચોરાસીનો ફેરો ફરવો પડે છે માટે **જાગો—જાગો—જાગવું છે જરૂર.**

ખરેખર—મનુષ્યો આ વાતને જાણવા છતાં, સદ્‌ગુરૂઓ પાસેથી ઉપદેશ સાંભળવા છતાં, માયાની ગફલતમાં કર્ત્તવ્ય ને ભુલે છે અને પોતે કોણ તે ન પીછાનતાં ભ્રમણામાં—જુઠી માયામાં,—મારાપણું આરોપી દીધું છે.

સિંહના બચ્ચાને જન્મતાં બકરાના ટોળામાં ભળવાનો પ્રસંગ મળે અને પછી મોટું થાય ત્યારે પણ ભ્રાંતિને લીધે સિંહપણું ભુલી જાય છે અને બકરારૂપ પોતાને માને છે; આતે કેટલી ભૂલ ! તે બીજાં હજારો બકરાં તરફ જોઇને જીંદગી પૂરી કરે છે. પણ જ્યારે પોતા તરફ પોતાના રૂપ ( દેખાવ ) તરફ, નીહાળી જુએ અને વિચારે ત્યારે જણાય કે હું બકરાની જાત નથી પણ વનને ગજાવનાર શૂરવીર સિંહ છું. તેમ આત્મા પોતે સિંહ રાજા છતાં, કર્મને તોડવાને બળવાન છતાં, માયાના પ્રસંગોમાં રાચી રહેવાથી, બકરારૂપે થઈ પડ્યો છે; અથવા એક રાજાને તખ્ત ઉપરથી ઉઠાડી રાજ્યબહાર કાઢી બેડી સાથે બંદીખાનામાં પુર્યો હોય તેવો આ આત્મારાજા થઈ ગયો છે.

સંસારને માયા કહેવાની શું જરૂર છે તે ઘણાઓ જોઇ શકતા કે જાણી શકતા નથી; કારણ કે પુણ્યબળે, દ્રવ્યાદિક સગવડોના લીધે એશ આરામમાં ગુલતાન હોવાથી તેઓને દુઃખનું ભાન થતું નથી અને જ્યારે દુઃખનું ભાન ન થાય, ત્યારે સ્વરૂપનું ભાન તો ક્યાંથીજ થઇ શકે ? નહિ તો આપણે આ દુનીઆને જે આંખે જેવી જોઇએ છે તે તેવી નથી, તે ભાન કેમ ન થાય ? દુરબીનથી એક વસ્તુ નજીક જણાય છે છતાં ઘણી દૂર હોય

છે, તેમ આત્મા ઉપર ઘણાં અને વિચિત્ર દૂરબીનો ચડી જવાથી, જેવા કાચ-વડે જોઇએ છીએ તેવી દુનીઆ જણાય છે. પણ ખરી રીતે તેમ છે નહી. માયાવી દૂરબીનો દૂર કરી અંતરંગ ચક્ષુરૂપી દૂરબીનોથી જોઇએ ત્યારેજ ખરૂં સ્વરૂપ જાણી શકાય.

અહો! જ્ઞાનીઓ કહે છે કે મનુષ્યો બીચારા કેવી ગફલતીમાં કાળ વ્યર્થ ગુમાવે છે. માટે જ કહે છે કે જાગો! આત્મસ્વરૂપે જાગો! કેમકે ગમે ત્યારે-છેવટે પણ–સંપૂર્ણતા મેળવવાની અગત્ય તો છેજ. (પરમાત્મપદે જવું તો છેજ.) ત્યારે હમણાંથીજ જાગ્યા ત્યાંથી સવાર ગણી આગળ રસ્તો કાપો. તમારો અભ્યાસ તમારે આજે નહિ તો કાલે પણ પુરો કરવોજ પડશે, પરીક્ષા આપવીજ પડશે, ત્યારે સાવધ થાઓ, અને કર્તવ્ય બજાવો. વળી વિચાર કરો કે–આ જીવે કેટલીવાર કયા કયા રૂપે જન્મો ધર્યા, અનેક સંબંધો કીધા, પણ વિચાર કર્યો નહિ કે આ બધા કયા શહેરના રહેવાસીઓ છે? શું આ સ્થૂળ ભુવન–ગામ, શહેર, કે મકાન, ને હમેશનું વતન માનવાનું છે? નહિ. ખરૂં સ્થાન તો બીજુંજ છે. મહાત્માઓ તેમ માને છે અને સંસારપરત્વે નિર્મોહ રહી કર્ત્તવ્ય બજાવી તે સ્થળે જવા ભાગ્યશાળી થાય છે. કારણ કે દુનીઆદારી જે મિથ્યાસંસાર છે, તેને માયા, ભ્રમણા રૂપે તેઓએ જોઇ છે.

સંસારમાં ધન, કુટુંબીઓ, અને સારાં કૃત્યો, એ ત્રણ ચીજો સાથે દરેક જીવને ગાઢ સંબંધ હોય છે. પણ થયું છે એવું કે જ્યારે સારાં કૃત્યો પહેલાં જોઇએ અને ધન છેલ્લે જોઇએ, તેના બદલે ધને લાગ શોધી પોતાનો નંબર પહેલો કરી દીધો છે. નહિતો મજકુર ત્રણ મિત્રો પૈકી મનુષ્ય જ્યારે દેહમુક્ત થાય છે, ત્યારે ધન, દોલત, એ મિત્ર તો તેને તરતજ છોડી દે છે, એટલે ઘરમાં પડી રહે છે, (સાથે જતું નથી), કે જેના ઉપર તે જીવ સંપૂર્ણ રાગવાન હતો. બીજા મિત્રમાં માતાપીતા, ભાઈ, બહેન, સ્ત્રી, દોસ્તો, સગાં, સ્નેહીઓ છે તેઓ વધારેમાં વધારે સ્મશાન સુધી જાય છે, અને ત્યાંથી પાછા ફરે છે. પણ ત્રીજો મિત્ર કે જેના માટે ઉપર કહ્યું તેમ દરેક જણ બેદરકાર માલૂમ પડે છે, છતાં તે આગળ આવે છે અને તેનાં સારા કામો પ્રમાણે તેને સારી ગતિ અને સારૂ સ્થાન મેળવી આપે છે. માટે જો તમારે આગળ વધવું હોય તો હજુપણ ચેતો અને સત્યની પીછાણ કરતાં શીખો. જ્ઞાનીવચન એજ કથે છે કે નહિ ચેતો તો, કર્તવ્ય બજાવી શકશો નહિ, અને વધારે ને વધારે અંધારામાં રહેશો, ગફલતીમાં

ફસી જશો, કેમકે ચડવા માંડે છે ત્યારે મનુષ્ય ચડે છે અને પડવા માંડે છે ત્યારે વધુ અધમ થતો જઇ વધુ નીચે પડતો જાય છે અને પશુયોનિમાં–તિર્યંચ ગતીમાં, યા તેથી ઉતરી નરક ગતિમાં જાય છે, ને ત્યાં મહાકષ્ટ સહન કરે છે. માટે જાગો, ઉન્નતિક્રમમાં આગળ વધો, અને આજથીજ કાંઇ કરતાં શીખો, કાલનો ભરૂસો ન રાખો. કેમકે કાળ માથે ફરે છે અને તે કર્તવ્ય કર્મ પ્રમાણે ગતિમાં ઉચકી જવા લાગ જોઇનેજ ઉભો રહ્યો છે. મહાત્મા બુદ્ધીસાગરજીનું ભજન.

**જુઓ ઝપાટો જુઓ ઝપાટો, કાળનો વિકરાળ રે;**
**જગત જીવને પાશ પકડી, કરતો નીત્ય ફરાળ રે,** ૧
**રાજા રંક રૂ બાદશાહને, માલીકને મહિરાણ રે;**
**ગોદ્દી ઘાલ્યા ઘોરમાંહિં, ચાલ્યા કેઈ મશાણ રે,** ૨

કાળ કેવો ક્રુર છે તે હવે નવું જાણવાનું નથી રહેતું. ઉપલાંજ પદની ૪થી કડીમાં કહે છે કે

**રાત ન ગણશે, દીન ન ગણશે, વૈદ્દતને વ્યતિ પાત રે,**
**જોતાં ટગમગ ચાલવું જીવ, માતપિતાને ભ્રાત રે,** ૪

ગમે તે ટાણે, ગમે તેવો બહોળો પથારો કરી બેઠા હશો ત્યારે, અરે! પરમાર્થમાં આસકત હશો ત્યારે પણ તે આવ્યો તો એક પળ માત્ર પણ ઉભો રહેનાર નથીજ. મહાત્મા પ્રભુ મહાવીર પણ એક સમય માત્ર વધારી શકયા નહતા તો પામર મનુષ્ય શું હીસાબમાં? કેમકે.

**ચાલ્યા અનંતા ચાલશે જગ, વૃદ્ધ યુવા નર નાર રે;**
**બુદ્ધિસાગર ચલત પંથે, ધર્મ તણો આધાર રે,** ૫

એ માર્ગ સદાકાળ વહેતો છે, અનેક ગયા છે ને જાય છે તથા જશે, તેમાં કોઇનું ડાહાપણ વ્યર્થ છે, અભિમાનના ફાંકામાં રહી નાહક કરવાનું ચુકી જવાય છે

**મુછ મરડી મહાલતા ને ગરવે દેતા ગાળ રે;**
**રાવણ જેવા રાજવી પણ કોળીયા થઈ ગયા કાળ રે,**

માટે હે પામર મનુષ્ય! તૈયાર થા; અને કર્ત્તવ્ય બજાવ નહીતો.

**"રજની થોડી વેષ ઝાઝા, આયુ એળે જાય રે;"**

એ વાકય પ્રમાણે સમય વ્યતીત થતો જાય છે અને દુનીઆરૂપી નાટકમાં વેષો ભજવવાના હોય છે તે રહી જાય છે.

એક વાત યાદ રાખવાની છે કે ફરજો બજાવવા લાગ્યા એટલે પતી ગયું સમજવાનું નથી, નિર્ભય રીતે બેસવાનું નથી કારણ જેમ જેમ આ-

પણે--સચ્ચાઇના. નીતિના, સદ્દગુણ આદિના, ઉત્તમ માર્ગોએ વધતા જઇશું તેમ તેમ સામેથી પ્રહારો પણ તેવાજ જોરથી આવતા જશે, અનેક અડચણો ઉભી થશે, નિરાશાઓ પેદા થશે. એટલુંજ નહી પણ સત્ય માર્ગે જવામાં પોતે ભુલ કરી છે એમ આસપાસના સંજોગો અને બનાવો તેને લલચાવશે માટે આવા પ્રસંગોએ "જેવા સાથે તેવો" એ નિયમે ઘણું મજબુત રહેવું જોઇએ, અને સમુદ્ર પાર ઉતરવામાં જોઇએ તેટલા ખરાબા આવે તો તેના સામે થઇ દુર કરી, ધારેલ રીતે કીનારે પહોચવા દ્રઢમનના રહેવું જોઇએ અને તેમ થાય તોજ કલ્યાણ છે, નહિ તો જીવ ઘણો ઉંચો ચડયા છતાં, માત્ર એક બે પગથી આબાદી છતાં, એકદમ નીચે પડે છે. અને તે એવો પડે છે કે જેમ એક માળથી પડનાર માણસ કરતાં પાંચમે માળથી પડનાર મનુષ્ય જમીન સાથે વધુ અફડાય છે અને તેના ચુરેચુરા થાય છે તેમ ઉંચે ચડેલ જીવ છેક નીચે આવી પહોંચે છે. *

એક બીજો દાખલો આપવો જરૂરી છે કે ચોરોને જો સાધારણ ઠેકાણેથી ચોરી કરવી હોય તો ઘરના મનુષ્યો સહેજ નિંદ્રાવશ થયાં કે જરા ગાફ્લ રહ્યાં તેટલામાં (જરા માત્ર મહેનતમાં) પોતાનું કામ કરી શકે છે, પણ જે ઠેકાણે વધુ ધન હોય, વધુ જાપતા હોય, સરકારી સંત્રીઓની ચોકીઓ હોય, ત્યાં શું-સહેજમાં ચોરી કરી શકે છે? નહિ ત્યાં તો પહેરેગીરો જાગૃતિમાં હોવાથી નિરાશ થવું પડે છે. પણ ધાડ પાડનારાઓનો નિશ્ચય તે ઉપરજ હોય છે, તો જ્યાં વધુ જાગૃતી ત્યાં વધારે જોર, એ પ્રકારે વધુ માણસો એકઠા કરી એવી યુક્તી, (પ્રપંચ જાળ રચે છે કે, પહેરેગીરો ફસાઇ પડે છે. હા! તેવે વખતે એકાદ પણ જો-પેલા પંચોપાખ્યાનવાળા ઘરડા પક્ષીની માફક-સાવધાન હોય અને સામી યુક્તી વાપરે અથવા વધુ પુરૂષાર્થ ફોરવેતો, ચોરોને હઠાવી શકે. કબજે કરી શકે અને માલીકનું ધન સાચવી શકે. જુઓ મહાત્મા રાજર્ષિ **પ્રશ્નચંદ**નું દ્રષ્ટાંત; તે વનમાં ઉત્કૃષ્ટ તપ આદરી કાઉસગ ધ્યાને હતા, છતાં મનરૂપી મર્કટે તેમની ધ્યાતાની શુભદશા ચુકાવી. આર્તધ્યાને ચઢાવી સાતમી નર્કમાં લઇ જવાની સંપુર્ણ તૈયારી કરી હતી, પણ જ્યારે ભાન

---

* (જીવ કેમ ચડે છે, ક્યાંથી ક્યાં પાછો પડે છે, અને ક્યાં પહોંચ્યા પછી પાછો પડી શકતો નથી, એ શરળ રીતે જાણવામાં "જ્ઞાનબાજી" નો નકશો ઘણુંજ અજવાળું પાડે છે. નવરાશનો વખત બીજી દોષિત રમતોમાં કાઢવા કરતાં આનિર્દોષ અને જ્ઞાનમય રમતમાં કહાડવાથી જ્ઞાન સાથે ગમત એમ બે લાભ થાય છે.)

ઠેકાણે આવ્યું, (શુભ નિમિત્ત મળ્યું ) કે તરતજ તે નઠારા વિચારો ના કરતાં પણ વધુ જોરે ) વિશેષ ધ્યાનારૂઢ થઇ સ્વરૂપમાંજ લીન થયા કે તરતજ–કૈવલ્ય જ્ઞાન થયું. અહા ! જુઓ જ્ઞાનની બલીહારી ! ખરૂં છે કે "જ્ઞાની શ્વાસોશ્વાસમાં કરે કઠીણ કર્મનો નાશ" અજ્ઞાનીઓ આવે વખતે શું કરી શકે ?

ઉપરના દાખલા પ્રમાણે જેઓ બારીક કસોટીઓમાંથી પસાર થાય છે, તેઓજ મોક્ષના મહાન્ મંદિરમાં પ્રવેશ કરી શકે છે, અને ખરો અનુભવ મેળવી શકે છે. એ અપૂર્વ સુખ ( ખરો આનંદ ) એવું છે કે તે અનુભવ લેનારાજ જાણે, ભાષા પૂરેપૂરૂ વર્ણન કરી શકેજ નહી. શાકરની મીઠાશ ખાનારો પોતે જાણે, પણ બીજાને તે ખરા રૂપમાં કહી શકે નહી, પણ જ્યારે તેજ શાકર બીજો ( સ્વાદ પુછનારોજ ) ખાય તે પોતેજ જાણી શકે કે તેની મીઠાશ કેવી છે.

---

# श्री सर्वज्ञनी अतिशय भरी वाणीनुं सामान्यतः द्रष्टांत.

## મંદાક્રાન્તા છંદ.

ઉનો વાયુ, સહન કરતો, ભીલ મધ્યાન્હકાલે,
દોટે આવે, વિકટ વનમાં, તાપ ત્યાં ખુબ સાલે[1];
સાથે ત્રિયા, તરૂણ ત્રણ છે, ચાહ્ય વિશ્રામ લેવા.
બેઠા ત્યારે, તરૂવર તળે, થાકીને લોથ જેવા. ૧
તેવે કીધું, પ્રથમ પ્રમદા, પ્રાણ પાયે પડું હું,
વ્હાલા મારા, તૃષિત[2] થઇ છું, નાથજી શીર નામું;
જાઓ જાઓ, શીતળ જળ જો; આણી આપો કહીંથી.
શાંતી થાયે, તરસ છીપતાં, જાવું ધાર્યું અહીંથી, ૨
બીજી બોલી, બહુ વિનયથી, સ્વામી જો ચિત્ત ચાહો;
તાતા તાપે, શ્રમિત થઇ છું, નાથની મ્હેર થાઓ,
ધીમે ધીમે, મધુર સુર[3]થી, પ્રીતથી ગીત ગાઓ,
ગ્લાની[4] ટાળો, વિનવણી સુણી, ચાલવું બાદ થાઓ. ૩
ત્રીજી ત્યારે, તરત વદતી, સાંભળો શ્યામ મારા;
ઇચ્છા એવી, હૃદય પ્રકટી, પૂરવી સ્હેજ પ્યારા,

---

૧ પીડે. ૨ પાણીની તરસી ૩ સ્વરથી, અવાજથી. ૪ ખેદ.

ઘાડી ઝાડી, હરણુ મળશે, મારી હીકાર લાવો;
ઘેરે પ્હોંચી, પરમ પ્રીતથી, ચર્મ ચોળી કરાવો. ૪
છેલ્લે બોલ્લે, "સર[1]" નથી અહીં, એક પ્રત્યુત્તરેથી;
માંડી વાળ્યું, તરૂણી ત્રણના, પ્રશ્નને સામટેથી,
શ્યામાઓ તે, સમજી ગઇ સૌ, અર્થ નિજ ક્રમેથી[2];
[3]વાપી નાહિં, સ્વર નથી નહિ, બાણ અર્થ ક્રમેથી. ૫
એ દ્રષ્ટાંતે, સમવસરણે, વાણી સર્વજ્ઞની છે,
સૌ પ્રાણિઓ, અતિશય[4] ભરી, વાણી સર્વજ્ઞની તે;
જુદી જુદી. નિજ નિજ તણી, વાણીએ સાંભળે છે,
શંકા[5]-શાંતિ, દધિ વિલ[6]વણું, સાર સાથે[7] મળે છે. ૬

**શાહ. ભીખાભાઇ છગનલાલ.**

**અમદાવાદ.**

---

# માર્ગાનુસારીના પાંત્રીસ ગુણ.

( લેખક. શેઠ મોહનલાલ લલ્લુભાઇ. )

( અંક ત્રીજાના પાને ૭૯ થી અનુસંધાન )

સુચના:—ગયા અંકમાં પાને ૧૧૪ મે આ વિષયના પાંચમાં પેરેગ્રાફથી અસલ મેટરમાં પાનું ફેરબદલ થયાથી આ અંકમાં પાંચમા પેરેગ્રાફથી ફરી લખાણ લીધું છે.

૫ વળી ૭ શત્રુનો ત્યાગ કરીને તથા અવિરૂદ્ધ અર્થનો અંગીકાર કરીને ઇંદ્રિઓનો જય કરવો. ૭ શત્રુઓનાં નામ નીચે પ્રમાણે છે. ૧ કામ ૨ ક્રોધ ૩ લોભ, ૪ માન ૫ મદ અને ૬ હર્ષ.

સદરહુ ૭ શત્રુઓનું ટુંક બ્યાન નીચે પ્રમાણે છે.

કામ—પારકાએ પરણેલી અથવા વિવાહ થયા વગરની કુંવારી સ્ત્રીઓને વીશે દુષ્ટ અધ્યવસાયનું કરવું તે કામ કહીએ.

---

૧ સરોવર, સ્વર—અવાજ, બાણ. ૨ નંબરવાર. ૩ વાવ્ય, સરોવર, જલાશય. ૪ પ્રભાવવડે યુક્ત—દ્રષ્ટાંત લો સામાન્યત: છે પણ આ વાણી યે પ્રભાવયુક્ત છે. ૫ મનમાં ઉદ્દભવેલી શંકાનું સમાધાન. ૬ દૂધના વલોવણ—મન્થન મલાઇની માફક. ૭ વગર પુછેજ શંકાનું સમાધાન આપોઆપ થઇ જાય છે.

ક્રોધ—વિચાર્યા વગર પરને તથા પોતાને કષ્ટ થાય તેવું કારણ જોડીએ તે ક્રોધ કહીએ.

લોભ–દાન દેવાને યોગ્ય હોય તેમને દાન ન આપવું અથવા કારણ વગર પર દ્રવ્યનું ગ્રહણ કરવું તેને લોભ કહીએ. ( જુઓ છાપેલા ધર્મબીંદુનું પાનું ૨૪ )

માન—દુષ્ટ એવા અભિનિવેષક મિથ્યાત્વના ઉદયથી મોક્ષ પામવાના સાધનમાં ઉદ્યોગવાળા થયેલા જ્ઞાનીપુરૂષોનાં વચનનું ગ્રહણ ન કરવું તેને માન કહીએ.

મદ—કુલ, બળ, ઐશ્વર્ય–રૂપ અને વિદ્યા ઇત્યાદીક કરીને આત્માને વીષે અહંકાર કરવો અથવા હર્ષપરને પીડા ઉપજાવવાનું કારણ તેને મદ કહીએ.

હર્ષ નિમિત્ત વીના પરને દુઃખ ઉપજાવવું અથવા જુગટું રમવું અથવા શિકાર કરવો વીગેરે વીગેરે અનર્થ એટલે પાપનો આશ્રય કરીને પોતાના મનને પ્રીતિ ઉપજાવવી તેને હર્ષ કહીએ.

અવિરૂદ્ધ અર્થઃ—પરસ્પર વિરોધી નહીં એટલે ગૃહસ્થાવસ્થાને યોગ્ય એવા ધર્મ અને અર્થ તેની સાથે વિરોધ ન પામેલા એટલે તે બંન્ને ને બાધ ન કરતાં જે શ્રોત્રાદિ પંચ ઇંદ્રિયોના વિષય ( શ્રોત્રનો વિષય શબ્દ, નેત્રનો વિષય રૂપ, નાશિકાનો વિષયગંધ, જીહ્વાનો વિષયરસ, ત્વચાનો વિષય સ્પર્શ. ) ને અંગીકાર કરવું તેને અવિરૂદ્ધ અર્થનો અંગીકાર કહીએ

ભાવાર્થ એ છે જે ગૃહસ્થાશ્રમને યોગ્ય એવા પંચ વિષયને પાંચે ઇંદ્રિઓ વડે ઘણી આસક્તિ ન થાય એમ ભોગવે કે જેથી કરીને ઇંદ્રિઓનો વિકાર રોકાય. કેમ જે સર્વથા ઇંદ્રિઓને વિષય થકી રોકવી તેને કરીને જે ધર્મ તે તો યતિનોજ છે.

૬ ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ કરવો. જે જગ્યાએ પોતાના રાજાનું લશ્કર તથા બીજા રાજાનું લશ્કર પરસ્પર લડાઇ કરવાનું હોય અગર લડાઇ કરતું હોય તે તથા જે જગ્યોએ દુકાળ પડેલો હોય તથા મરકીનો રોગ ચાલુ થયો હોય તેમજ જે જગ્યોએ ઘણા લોક સાથે વિરોધ થયો હોય ઇત્યાદિક ઇત્યાદિક કારણોથી જે સ્થાન અશાંત થયેલું હોય તેને ઉપદ્રવવાળુ સ્થાન કહીએ. જો ઉપર પ્રમાણે કહેલા ઉપદ્રવવાળા સ્થાનનો ત્યાગ ન કરવામાં આવે તો તેથી કરી ધર્મ, અર્થ અને કામ એ ત્રણે પુરૂષાર્થનો નાશ થાય; મતલબ એ છે કે પ્રથમ પ્રાપ્ત થયેલા ધર્માદિકનો નાશ થાય એટલુંજ

નહીં પણ તેઓનું નવીન ઉત્પન્ન કરવું પણ બની શકે નહિ આથી કરીને આ લોક તથા પરલોક એ બે લોકને વિષે અનર્થ થાય છે. હાલમાં મરકિનો સમય કેટલેક સ્થળે ચાલે છે. તો જે વખતે મરકીનો ઉપદ્રવ કોઇપણ સ્થળે થાય તે વખતે ઉપદ્રવવાળું સ્થાન ત્યાગ કરવાની ખાસ જરૂર છે. કારણ કે જૈન સિદ્ધાંતકારો કહે છે કે સાત પ્રકારે આયુષ્ય ત્રુટે છે અને તેમાં આવા રોગાદિકના કારણનો પણ સમાવેશ થાય છે જેથી કરી તેવા સ્થાનનો ત્યાગ કરવો જોઇએ. કેટલાક લોકો એવું સમજે છે કે જો આયુષ્ય બળવાન હશે તો કાંઈ થવાનું નથી. પરંતુ તે સમજવું બરાબર નથી. તિર્થંકર વિગેરે અમુક વ્યક્તીનેજ નિરૂપક્રમ આયુષ્ય છે સબબ, સોપક્રમ આયુષ્યવાળાને શાસ્ત્રમાં જે જે કારણો સોપક્રમ આયુને તોડવાને માટે કારણ ભૂત બતાવેલાં છે તે કારણોથી દૂર રહેવું એ જરૂરનું છે. નિરૂપક્રમ આયુષ્ય શસ્ત્ર વિગેરેના કારણોથી તુટતું નથી અને સોપક્રમ આયુ શસ્ત્ર વિગેરેના કારણથી તૂટે છે.

૭. પોતાને યોગ્ય કહેતાં ઊચિત એવા પુરૂષનો આશ્રય કરવો. જે પુરૂષ રક્ષણ કરી શકે તેવો હોય અને જેનાથી લાભ મળે તેવો હોય અને જેનાથી મળેલા લાભનું રક્ષણ થઇ શકતું હોય એવા રાજા વિગેરે પુરૂષોને ઊચિત પુરૂષ કહેવાય છે. કહ્યું છે કે પ્રજાનો આધાર સ્વામિ એટલે રાજા ઉપર છે. તે ઉપર દ્રષ્ટાંત કહે છે. મુળ વગરના વ્રક્ષને ઉછેરવાનો પ્રયત્ન પુરૂષ શીરીતે કરી શકે ? જેમ વ્રક્ષનું મુળ સારૂ હોય તો તેને ઉછેરવાનો પ્રયત્ન સાર્થક થાય તેમ પ્રજાનો મુળરૂપ સ્વામી સારો હોય તો સર્વપ્રજાનું સારૂજ થાય. આવો સ્વામી, ધર્મવાળો, શુદ્ધ કુળવાળો, શુદ્ધ આચારવાળો, શુદ્ધ પરિવારવાળો, પ્રતાપવાળો અને ન્યાયને અનુસરતો જોઇએ.

૮. ઉત્તમ અને સારા આચરણવાળા પુરૂષોનો સ્વીકાર કરવો. પોતાના વંશપરંપરાથી ચાલતા આવેલા જે ગુણો તેને અન્વય ગુણ કહીએ. તે અન્વય ગુણો નીચે પ્રમાણે છે. સુજનપણું (સજ્જનપણું,) ડહાપણ, કૃતજ્ઞતા વીગેરે વિગેરે આવા પ્રકારના ગુણો જેનામાં હોય તે ઉત્તમ પુરૂષો કહેવાય. સારા આચરણવાળા પુરૂષો જગતમાં સુપ્રસિદ્ધજ છે તેથી તેના વીવેચનની જરૂર નથી. આ પ્રમાણે કરવાનું કારણ એ છે જે કે પુરૂષોનો પરિવાર અગંભીર હોય તેવા પુરૂષોનો આશ્રય કરવો યોગ્ય નથી. વળી ઉત્તમ પુરૂષોને અંગીકાર કરવે કરીને અમુક પુરૂષ ગુણવાન છે એવી જગતમાં પ્રસિદ્ધિ થાય છે. જેવી રીતે સુગંધીવાળા પુષ્પોએ કરીને વસંતરૂતુ સુરભી નામે પ્રસિદ્ધ. પણાને પામી છે તેમ સમીપ રહેલા ગુણવાન પુરૂષોવડે તેની પાસે રહેલા બીજા પુરૂષો પણ ગુણવાન તરીકે લેખાય છે.

૯. ઘટતા સ્થાનકને વિષે ઘર કરવું. મતલબ એ છે કે અસ્થાને ( અઘટીતસ્થાન ) ને વિષે ઘર કરવું નહીં. અઘટીતસ્થાનના લક્ષણ નીચે પ્રમાણે છે. અતિશય પ્રગટ એટલે જેની સમીપે બીજા ઘર ન હોવાના કારણથી અતિશય પ્રકાશવાળું એવું–એટલે કે ચારે પાસે ઉજ્જડ જમીનમાં ઘર ન બાંધવું. હાલમાં બંગલા બાંધવાની પદ્ધત્તિ વિશેષ જોવામાં આવે છે. આ પદ્ધત્તિ કેટલેક અંશે હાલમાં ચાલતી મરકીના રોગને આભારી છે. પરંતુ તેમ કરવામાં સીદ્ધાંતકારોની આજ્ઞાનું ઉલંઘન ન થાય તેમ વર્તવાની જરૂર છે. આ પ્રમાણે આજ્ઞા કરવામાં સિદ્ધાંતકારોનો ઉંડો ઉદ્દેશ રહેલો જણાય છે. કારણકે તેવા ઘરોને વિષે ચોરાદિકથી પરાભવ થવાનો સંભવ છે. ચોરાદિકમાં વ્યભિચારી પુરૂષોનો પણ સમાવેશ થાય છે. કેટલીક વખત એવો બનાવ બને છે કે ઘરના પુરૂષ અગર સ્ત્રીઓ વ્યભિચારી હોય તો તેઓને પોતાનું કાર્ય કરવાને માટે આવા બંગલાઓવાળાં ઘરમાં સહેલું થઇ પડે છે. તેઓને ઘણા દ્વાર હોવાથી અમુક માર્ગે તેમને પ્રવેશ કરાવી બીજા માર્ગે તેમને બાહાર કાઢે છે. જેથી કરી ઘરના વડીલો કે જે તે ઘરના અમુક બીજા ભાગમાં બેઠેલા હોય છે તેમને તેમજ દરવાજાની ચોકી માટે રાખેલા સીપાઇ વીગેરેને તેની ખબર પડતી નથી. વળી કેટલીક વખત એવા બનાવ બને છે કે બંગલાવાસી ગૃહસ્થો જ્યારે પરદેશ ગયેલા હોય છે અગર શહેરમાં રહેવા આવેલા હોય છે ત્યારે તેમના ઘરના અમુક પુરૂષો કે જેઓ ઉપર કહેલા વ્યભિચારમાં પડેલા હોય છે તે તેવા નિર્જન અને આસપાસ પાડોસરહિત મકાનમાં જઇ સ્વેચ્છાએ નિઃશંકપણે વ્યભિચારનું સેવન કરે છે. આ વાતનો આટલેથીજ અંત આવતો નથી, પણ કેટલીક વખત વ્યભિચારી પુરૂષો અગર સ્ત્રીઓ સામા સ્ત્રી અગર પુરૂષને તેના ઘરમાંથી માલમત્તા લઇ જવાનું સાધન સહેલું કરી આપે છે. આ ઉપરથી જણાશે કે ચારે બાજુ ઉજ્જડ ઘરમાં શાસ્ત્રકારના કહ્યા પ્રમાણે રહેવું ઉચિત નથી. કદાપિ દેશકાળને અનુસરીને તેવા મકાન બાંધવાની જરૂરીઆત પડે તો શાસ્ત્રકારના ઉદ્દેશનું ઉલંઘન ન થાય તેમ પ્રયત્ન થવાની અવસ્ય જરૂર છે. એટલે કે તેને ઘણાં દ્વાર નહીં રાખવા જોઇએ અને પોતાના કુળને છાજે તેમ પોતાના ઘરની સ્ત્રીઓની લજ્જા સચવાય તેમ થવું જોઇએ. વળી આમાં એક મુદ્દાની બાબત એ છે કે આવા શહેર બહારના બંગલાઓમાં લાંબી મુદત રહેવાથી ઘરના પરિવારને શ્રદ્ધારહિત થવાનો સંભવ છે. કારણકે તેમ થવાથી તેઓ દરરોજના નિયમપ્રમાણે પરમાત્માની પુજાભક્તિને માટે યોગ્ય મંદીરે જઇ શકતા નથી. તેમજ ગુરૂ મહારાજની ભક્તિ કરી જે લાભ ઉપાર્જન કરવાનો તે લાભ મેળવી શકતા નથી. વળી કેટલાએક ગૃહસ્થો કે જેઓને પોતાની રિદ્ધિને તથા સ્થિતિને અનુસરીને આવા દેરાસરો ઉપાશ્રયો વીગેરેની દે-

ખરેખ રાખવાની હોય છે તે રાખી શકતા નથી. અને તેમની ઉપેક્ષા કરવાથી તેમાંથી મળવાનો લાભ ગુમાવી દે છે. એટલુંજ નહીં પરંતુ પોતે ઉપેક્ષાના કારણથી અશુભકર્મના ભાજન થાય છે. વળી અતિ ગુપ્ત સ્થાનમાં પણ ઘર કરવું નહીં. કારણકે તે ઘર ચારે બાજુથી બીજા ઘરોથી વીંટલાઈ જવાથી શોભાને પામતું નથી. વળી અગ્નિ વીગેરેનો ઉપદ્રવ થયેથી તેવા ઘરમાંથી નીકળવું અગર તેમાં પેસવું ઘણું દુઃખદાયક થઇ પડે છે. વળી જે ઘરના પાડોશી સારા ન હોય તેવે ઠેકાણે પણ ઘર કરવું નહીં. કારણ કે તેમના સંસર્ગથી તેમના દુર્ગુણો આવે છે. કહ્યું છે કે કુશીલ પાડોસી સાથે બોલવા વીગેરેનો સહવાસ કરવો તે ગુણવાન જીવને પણ હાનીકારક છે.

૧૦. વાસ્તુશાસ્ત્રમાં કહેલા લક્ષણે સહીત ઘરમાં ગૃહવાસ કરવો. જે જમીનમાં દરો તથા કસ્તુંબ કહેતાં વનસ્પતિ હોય તથા જે જમીનની માટીનો વર્ણ, ગંધ, સારો હોય તથા જે જમીનમાંથી સારા સ્વાદવાળું પાણી નીકળતું હોય તથા જે જમીનમાં દ્રવ્ય ભંડાર હોય ઇત્યાદિક ઇત્યાદિક ગુણવાળી જમીનને વિષે ઘર બાંધવું, વળી જે જમીન વાસ્તુશાસ્ત્રમાં કહેલા અપલક્ષણે કરી સહીત હોય તેવી જમીન ઉપર ઘર બાંધવું નહીં. કારણકે તેથી કરીને સત્પુરૂષોને વૈભવનો વિનાશ વીગેરે ઘણા દોષ ઉત્પન્ન થાય છે. વળી સારા લક્ષણવાળું ઘર વાંછીતફળને આપવાવાળું છે. કોઇ પ્રશ્ન કરે જે ઘરના લક્ષણનું જાણપણું શીરીતે થાય તેનો ઉત્તર જે નિમિત્તશાસ્ત્રવડે તેવા ઘરની પરિક્ષા કરવી નિમિત્ત એટલે અતીંદ્રિયર્થ ( ઇંદ્રીયોને ગોચર નહીં એવા જે પદાર્થ ) એવા શુકુન, સ્વપ્ન, ઉપશ્રુતિવડે કરી પરિક્ષા કરવી. તેમાં શુકુન અને સ્વપ્ન એ બેતો પ્રસિદ્ધજ છે. ઉપશ્રુતિ એટલે અણધાર્યો કોઇનો શબ્દ સાંભળવાથી કલ્પના કરવી તે; લોકોમાં એવો ઉખાણો છે કે " શકુનથી શબ્દ અધીક" આનો કેટલોક વિધી અંગ વિદ્યામાં કહેલો છે. રાત્રિએ ઘણા લોક જંપી જાય તે વખતે પોતાનું કામ મનમાં ધારી હાથમાં કંકુ ચોખા લઇ બારણે નીકળી કોઇ માળી, ધોબી, કુંભાર વીગેરેના ઘર ઉપર તે કંકુવાળા ચોખા નાંખી વધાવી ઉભું રહેવું. પછી તે ઘરમાં બોલાતા શબ્દો સાંભળી પોતાના કામનો પરીણામ શો થશે તેની બુદ્ધિથી કલ્પના કરવી અથવા કોઇ બુદ્ધિવાનને પુછી નિશ્ચય કરવો અને સંદેહપણું વિપરિતપણું તથા અનિશ્ચિતપણું તે રૂપ યથાર્થ જ્ઞાન કરવામાં જે દોષો છે તેનો પરિહાર કરવો તે પરિક્ષા કહેવાય. આ પ્રકારની પરિક્ષાવડે ઘરના સઘળા લક્ષણોનું અવલોકન કરવું વળી અનેક જવા આવવાના રસ્તા રહિત ઘર કરવું. જે ઘરના નીકળવાનાં દ્વાર ઘણાં હોય અને પેસવાનાં દ્વાર પણ ઘણાં હોય તેનો ત્યાગ કરવો; મતલબ કે ઘરમાં પેસવાના તથા નીકળવાના ઘણા રસ્તા ન રાખવા, અનેક રસ્તા રાખવાથી

ઘરની રક્ષા બરાબર રીતે થતી નથી. વળી સ્ત્રી વીગેરેનો તથા વૈભવનો નિશ્ચે ઉપદ્રવ થાય છે. સ્ત્રી તથા વૈભવનો ઉપદ્રવ શી રીતે થાય છે. તેનુ વિવેચન નવમા ગુણમાં કરેલું હોવાથી પુનરૂક્તિ કરી નથી. વળી જે ઘરમાં પેસવા નીકળવાના બારણાં ઓછાં હોય તે ઘરનું રક્ષણ સુખે કરીને થઇ શકે છે.

૧૧ પોતાના વૈભવાદિકને યોગ્ય એવો વેષ ધારણ કરવો. પોતાના પૈસાને ઉચિત તથા જે દેશમાં તે રહેતો હોય તેને ઉચિત વસ્ત્ર તથા ઘરેણાં ગૃહસ્થને પહેરવાં યોગ્ય છે કારણ કે તેથી કરી લોકમાં તે હાંસીને પાત્ર થતો નથી. હાંસી થવાથી પોતાને કષાય ઉત્પન્ન થવાનું નિમિત્ત બને છે. માટે જેમ કષાય ઉત્પન્ન ન થાય તેમ વર્તવું એ ઉપદેશ છે. વિરૂદ્ધ વેષનું લક્ષણ નીચે પ્રમાણે છે. પગની જાંગ અડધી ઉઘાડી રાખવી તથા માથે બાંધેલી પાઘડીમાં છોગું મુકવું, અત્યંત સજ્જડ અંગરખું પહેરવું, જાર પુરૂષોના જેવો ગણાય તેવો વેષ રાખવો તે પણ વિરૂદ્ધ વેષ છે. વળી શાસ્ત્રમાં કહ્યું છે કે જે પુરૂષોનો પ્રસન્નવેષ હોય છે તે પુરૂષ મંગળમૂર્ત્તિ એટલે મંગળરૂપ હોય છે કહ્યું છે કે મંગળ થકી લક્ષ્મીની ઉત્પત્તિ થાય છે. ચતુરાઇથી લક્ષ્મીની વૃદ્ધિ થાય છે. ડહાપણથી તેનું મુલબંધાય છે. અને સંયમ થકી તે પ્રતિષ્ઠાને પામે છે. ( આ સંયમ લક્ષ્મી સંબંધીનો સમજવો. ) અન્યાય થકી લક્ષ્મીનું ઉપાર્જન ન કરવું, અને અન્યાયમાં ન વાપરવું તેને સંયમ કહીએ. સંયમથી પ્રાયે લક્ષ્મી નાશ થતી નથી.

# ખોટો ખ્યાલ !

......ઘણાઓ એવો વિચાર રાખે છે કે થંડીમાં દારૂ પીએ તો ગરમી આવે. પણ આ વિચાર ભુલ ભર્યો છે જ્યાં ઘણીજ સખ્ત ઠંડી પડતી હોય, ત્યાં દારૂ તો એક **ઝેર** છે..... ...આ શબ્દો જાણીતા પારસી મુસાફર મી. બેહરામ ભીખાજીનાં 'ચેરાગે' ટાંકયા છે અને તેઓ ઉમેરે છે કે જેઓએ આખી જીંદગી મુસાફરી કરવામાં જ ગુજારી છે અને દેશ દેશની જુદી જુદી રૂતુઓનો જેમને જાતી અનુભવ મલેલો હોવાથી તેઓનો મત લાંબા વખતના જાતી અનુભવને લીધે સત્તાદાર ગણાવો જોઇએ.

ઇગ્લાંડના જાણીતા **ડૉકટર બૅલ** પણ એ દર્દના વધારાનું ખાસ કારણ પણ એજ જણાવે છે, એથી આગળ વધી તે જણાવે છે કે ૩૦ વર્ષના આ દર્દના તેના દરરોજના જાતી અવલોકનને આધારે એવું જણાયું છે કે જેઓ **માંસનો** ખોરાક લે છે તેઓજ આ દર્દથી **હેરાન થાય છે.** જ્યારે કુદરતી **વનસ્પતિના** કુદરતી ખોરાકપર રહેનાર એકપણ માણસ આ દર્દથી **પીડાતો તેને માલમ પડયો નથી.**

× × × ×

# મલયાસુંદરી.

## પ્રકરણ ૧ લું.

### ધર્મનું માહાત્મ્ય તથા સ્વરૂપ.

**चतुरंगो जयत्यर्हन् दिशन् धर्मं चतुर्विधम् ॥**
**चतुष्काष्ठासु प्रसृतां जेतुं मोहचमूमिव ॥ १ ॥**

ચારે દિશાઓમાં પ્રસરેલી મોહરાજાની સેનાને જીતવાને માટેજ જાણે ચાર શરીરને ધારણ કરી, ચાર પ્રકારના ધર્મઉપદેશને આપતા અરિહંત જયવંત વર્તે છે.

ધર્મ સર્વોત્કૃષ્ટ મંગલ છે. સર્વ સમૃદ્ધિને દેવા વાળો ધર્મ છે. નાના પ્રકારનાં સુખની પ્રાપ્તિ ધર્મથીજ થાય છે. સંતાનને તારનાર, પૂર્વજોને પવિત્ર કરનાર, અપકીર્તિને હરનાર, અને કીર્ત્તિની વૃદ્ધિ કરનાર પણ ધર્મજ છે. ધનની ઇચ્છાવાળાઓને ધન આપનાર, કામના અર્થિઓને કામ આપનાર, સૌભાગ્યના અર્થિઓને સૌભાગ્ય આપનાર, પુત્રાર્થિઓને પુત્ર આપનાર, રાજ્યાર્થિઓને રાજ્ય આપનાર પણ ધર્મજ છે. વધારે શું કહેવું ? દુનિયામાં એવી એક પણ વસ્તુ કે, એવો એક પણ પદાર્થ નથી કે ધર્મ કરનારને તે પ્રાપ્ત ન થાય. ટુંકમાં કહીએ તો સ્વર્ગ અને મોક્ષની પ્રાપ્તિ પણ ધર્મથીજ થાય છે.

આ ધર્મમાહાત્મ્યનું કથન કાંઈ શ્રદ્ધા માત્રથીજ છે એમ નથી. વિચાર શીલ મનુષ્યો વિચાર કરશે, તો તરતજ તેઓને નિર્ણય થશે કે, દુનિયામાં એક માણસ સુખી અને બીજો દુઃખી, એક જ્ઞાની બીજો મૂર્ખ, એક નિરોગી બીજો રોગી, એક ધનવાન્ બીજો નિર્ધન, એક દાતા બીજો ભિક્ષા લેનાર, લાખો મનુષ્યોને પૂજ્ય એક મનુષ્ય, લાખો મનુષ્યોને તિરસ્કાર-

ને પાત્ર બીજો મનુષ્ય, ઇત્યાદિ વિવિધ પ્રકારની વિચિત્રતાનો અનુભવ શા માટે થાય છે ? મનુષ્યપણું સરખું છતાં આવો તફાવત શા કારણને લઇને?

એકજ કાર્યને માટે સર્વ જાતનાં સાધનો એકઠાં કરી, સરખી રીતે પ્રયત્ન કરવા છતાં એકનો તે કાર્યમાં વિજય અને બીજાની નિષ્ફળતા જણાય છે આ વિજય અને નિષ્ફળતાનું કારણ શું ?

આ વિષમતાના કારણની શોધ માટે ગમે તેટલા વિતર્કો વિચારવંતો ઉઠાવે પણ છેવટે તેના મુખ્ય કારણ રૂપ ધર્મનો સ્વીકાર કર્યા સિવાય ચાલવાનું નથીજ.

ધર્મ વિષય ઘણો ગહન છે. તેનાં કાર્ય કારણનાં નિયમોનો અભ્યાસ ઘણી બારિકતાથી કરવાનો છે. તેમ કર્યા સિવાય ધર્મના ઉપરચોટીયા જ્ઞાનથી ઘણી વખત મનુષ્યો ગંભીર ભૂલ કરી દે છે, અને ધર્મ શ્રદ્ધાને શિથિલ કરી દે છે.

દાખલા તરિકે ઘણીવાર ધર્મશ્રદ્ધાન શિથિળ થવાનું કારણ એ બને છે કે, પાપવૃત્તિથી આજીવિકા કરનારાઓ, છળ પ્રપંચ કરનારાઓ, અને પાપમાં વિશેષ પ્રવૃત્તિ કરનારાઓ કેટલાએક સુખી દેખાય છે. વ્યવહારિક કાર્ય પ્રપંચમાં પણ કદાચ તેમનો વિજય થતો જોવામાં આવે છે. ઇત્યાદિ પ્રત્યક્ષ કારણોને જોઇ કેટલાંએક મનુષ્યો " ધર્મ છે કે નહિ ? ધર્મનું ફળ મળતું હશે કે કેમ ? પાપીઓ સુખી શા માટે ? ધર્મીઓ દુઃખી કેમ થાય ? " વગેરે શંકાની નજરે ધર્મ તથા તેના ફળોને જુવે છે. ખરૂં પુછોતો આવી શંકા કરનારા મનુષ્યો ધર્મની અને કાર્ય કારણના નિયમની ઉંડી શોધમાં ઉતરેલા નથી હોતા. તેઓએ વિચારવું જોઇએ કે, કારણ પહેલું અને કાર્ય પછી. આ વ્યવહાર દુનિયાના મોટા ભાગનાં કર્તવ્યોને લાગુ પડે છે.

એક બીજ, જમીનમાં વાવ્યા પછી તેને જમીન, હવા, પાણી, ખાતર, વિગેરે નિમિત્તો તદ્દન અનુકુળ હોયતો, તે બીજ ઘણા થોડા વખતમાં અંકુરા, ડાળાં, પાંખડાં, વિગેરેને ઉત્પન્ન કરી એક વૃક્ષના રૂપમાં દેખાવ દેશે, અને ફળ પણ આપશે. છતાં આ બીજને ગમે તેટલાં અનુકૂળ સાધનો હોય, તથાપિ એકજ દિવસમાં કે એકાદ કલાકમાં મહાન્ વૃક્ષ રૂપે થઇ ઉત્તમ ફળો આપનાર તમે નહિજ જોઇ શકો. કારણ કે, કારણને કાર્યના રૂપમાં આવવાને કાંઇપણ અંતર ( આંતરૂં કે વ્યવધાન ) ની જરૂર છે. આ વૃક્ષનું બીજ સ્વાદુ ફળ આપનાર હોવાથી તેમજ તેને જોઇતાં સાધનો ઘણી ઝડપથી

આપવામાં આવેલાં હોવાથી તે વૃક્ષને બીજાં થોડાં સાધન વાળાં વૃક્ષોની અ-પેક્ષાએ વહેલાં અને સ્વાદિષ્ટ ફળો આવશે. આવીજ રીતે કડવા ફળ વાળાં વૃક્ષને બધાં સાધનો અનુકૂળ મેળવી આપ્યાં હશે તો તે વૃક્ષને બીજાં સા-ધનવિનાનાં વૃક્ષોની અપેક્ષાએ વહેલાં અને કડવાં ફળો આવશે.

આજ દૃષ્ટાંતની મીઠાં વૃક્ષ વાળાં ધર્મનાં મીઠાં ફળો, અને કડવાં વૃક્ષ વાળાં પાપનાં કડવાં ફળોની સાથે સરખામણી કરી લેવી જોઇએ.

ઉગ્ર પુણ્ય પાપવાળાં કર્ત્તવ્યોનું ફળ ઘણાજ થોડા વખતમાં અને તીવ્ર મળે છે ત્યારે મંદ પરિણામે કરાયેલાં પુણ્ય પાપવાળાં કર્ત્તવ્યોનું ફળ કાળાંતરે અને મંદપણે ( થોડાં સુખ, દુઃખ રૂપે) મળે છે.

આટલું જણાવ્યાથી એ પરિસ્ફુટ થયું કે, જે પાપ વૃત્તિ વાળા છળ પ્રપંચીઓ અત્યારે સુખી દેખાય છે, અને વ્યવહારિક કાર્યમાં વિજય પામે છે, તે તેમનાં પૂર્વ કર્ત્તવ્યનું ફળ છે. આ પૂર્વ કર્ત્તવ્ય શુભ ( સારૂં ) છે તેથી તેઓ સુખી અને વિજયી છે. અત્યારના અશુભ કર્ત્તવ્યોનાં ફળો આડું પૂર્વના શુભ કર્ત્તવ્યનું વ્યવધાન ( આંતરૂં ) પડેલું છે. તે અંતર નીકળી જતાં અર્થાત્ તે શુભ કર્ત્તવ્યનું ફળ સમાપ્ત થતાં અને વર્ત્તમાન કાળનું કે પૂર્વ કાળનું અશુભ કર્મ ઉદય થતાં અત્યારે સુખી દેખાતાં, તે તેમના તીવ્ર કે મંદ પાપી પરિણામના પ્રમાણમાં વધારે કે ઓછા, દુઃખી થવાનાજ.

ક્રિયાનું ફળ–પછી તે સારી હોય કે ખરાબ હો—અવશ્ય છે. સારી ક્રિયા ( કર્તવ્ય ) નું ફળ સારૂં અને ખરાબ ક્રિયાનું ફળ ખરાબ. આ દાખલા જોઇએ તેટલા પ્રત્યક્ષ પણ અનુભવાય છે. માટે ધર્મ સત્ય છે. તેનું ફળ અવશ્ય મળેછે જ. ધર્મની મનુષ્યોને મહાન્ જરૂરીયાત છે - અને તે આ માનવ જીંદગીમાંથીજ મેળવી શકાય છે. છાશમાંથી માંખણ, કાદવ-માંથી કમળ, અને વાંસમાંથી મુક્તામણિ, જેમ સારભૂત હોઇ ગ્રહણ કરવા લાયક છે તેમ મનુષ્ય જન્મમાંથી સાર ભૂત ધર્મજ ગ્રહણ કરવા યોગ્ય છે.

દુર્ગતિમાં પડતાં પ્રાણિઓને ધારણ કરી રાખનાર હોય, અટકાવનાર હોય અને સદ્ગતિમાં લઇ જનાર હોય, અર્થાત્ જન્મ, મરણના ક્લિષ્ટ દુઃખથી મુક્ત કરનાર હોય તે જ ધર્મ કહેવાય છે. જ્ઞાન, દર્શન, અને ચા-રિત્ર; આ ત્રણમાં પૂર્વોક્ત સામર્થ્ય હોવાથી તેજ ધર્મ છે.

જીવાજીવાદિ તત્ત્વોનો અવબોધ જેનાથી થાય છે તેને મહાપુરૂષો સ-મ્યગ્જ્ઞાન કહે છે. આત્મા અને તેનાથી વ્યતિરિક્ત અજીવ; આ બે વસ્તુ

જગતમાં છે તેમાં દુનિયાંનાં સર્વ દશ્ય અને અદશ્ય પદાર્થોનો સમાવેશ થાય છે. જડ પદાર્થની સાથે આત્માની જે આસક્તિ છે તેનાથીજ આ સર્વ પ્રપંચનો દેખાવ છે. આત્મા અને પુદ્‌ગલની ( જડ પદાર્થની ) મિશ્રતા તેજ આ સર્વ દેહ ધારણ કરવાનું કારણ છે. ઇષ્ટાનિષ્ટ જડ પદાર્થની પ્રાપ્તિથી થતો હર્ષશોક તેજ આ મિશ્રતાનું કારણ છે. જડ પદાર્થો માટે ઉત્પન્ન થતા રાગદ્વેષથી કર્મનું આગમન થાય છે; આ કર્મો અનેકરૂપે વેંહેચાઇ જઇ, આત્માના શુદ્ધ ગુણોને આવરે ( દબાવે ) છે. તે કર્મ આવરણોની મદદથી આ આત્મા ચાર ગતિમાં પરિભ્રમણ કરતાં નાના પ્રકારની યાતનાઓ ( પીડાઓ ) અનુભવે છે. દુનિયાની અનેક પ્રકારની યાતનાઓની શાન્તિનું મુખ્ય કારણ જ્ઞાન છે. જ્ઞાનથી સત્યાસત્યનો, હિતાહિતનો, સ્વપરનો કે નિત્યાનિત્યનો બોધ થાય છે. વસ્તુનો વસ્તુરૂપે બોધ થતાં, સત્ય અને હિતકારી વસ્તુ તરફ પ્રીતિ થાય છે; તે જ સુખદાઇ છે એમ શ્રદ્ધાન થાય છે. આ શ્રદ્ધાન થવા પછી તે પ્રમાણે વર્તન કરવાની ઇચ્છા થાય છે, અને તે પ્રમાણે વર્તન કરાતાં આત્મા પોતાના વિશુદ્ધ સ્વરૂપને પામી શકે છે. આથી એટલો ફલિતાર્થ થયો કે જ્ઞાનથી સત્ય વસ્તુ જણાય છે, દર્શનથી તેમાં શ્રદ્ધાન કરાય છે, અને ચારિત્રથી તે માફક વર્તન કરાય છે. અથવા સત્ય વસ્તુને જાણવી તે જ્ઞાન, તેનો નિશ્ચય તે દર્શન; અને જેવું જાણ્યું તથા સદ્દહ્યું છે તેવુંજ અનુભવવું તે ચારિત્ર; આ ત્રણ ધર્મ છે; તેમાં જ્ઞાન મુખ્ય છે. તે સિવાયનાં પાછલાં બે અંગો હોતાં નથી. વ્યવહાર રૂપમાં હોય છે તો તેથી સંસારની વૃદ્ધિ થવાનાં કારણરૂપ શુભાશુભ કર્મોની જ પ્રાપ્તિ થાય છે.

અદૃષ્ટાર્થનું પ્રકાશક જ્ઞાન ત્રીજું નેત્ર છે. ગાઢ અજ્ઞાન અંધકારને દૂર કરનાર જ્ઞાન બીજું સૂર્યબિંબ છે. તે સૂર્યથી પણ ચડે છે. જ્ઞાન નિષ્કારણ બંધુ છે. જ્ઞાન સંસાર સમુદ્રમાં પ્રવહણ ( જાહાજ ) તુલ્ય છે. સ્ખલના પામતા અશક્ત મનુષ્યોને પણ જ્ઞાન સહાયક યષ્ટિ ( લાકડી ) સમાન છે. વધારે શું કહીએ ! હૃદય ગુફામાં પણ પ્રકાશ કરનાર જ્ઞાન નહિ બુઝાય તેવો દીપક છે.

કર્મનાં સિદ્ધાંતોનું જ્ઞાન બહુજ મનન કરવું જોઇએ, અને તે દરેક પ્રસંગે ક્રિયામાં મૂકવું જોઇએ. દુઃખદાઇ સંયોગોમાં તેને મુખ્ય ( આગળ ) કરવું જોઇએ, અને ધૈર્યતાથી તેવા પ્રસંગો ઓલંઘવા જોઇએ. એક શ્લોકના અર્થની વિચારણાથી મલયાસુંદરી મહાન્ દુઃખ સમુદ્રનો પાર પામી.

# પ્રકરણ ૨ જું.

## ચંદ્રાવતીનો મહારાજા વીરધવલ.

વિશાળ ભારતભૂમિ આર્યદેશના નામથી પ્રાયઃ પ્રસિદ્ધ છે. તેના દક્ષિણ દેશમાં આવેલી **ચં**દ્રાવતી નગરી ભારતની શોભામાં વધારો કરી રહી હતી. રાજાના મહેલો, ધનાઢયોની હવેલીઓ, જીનેશ્વરનાં મંદિરો, અને ધર્મ સાધન કરવાનાં પવિત્ર સ્થાનો, તે આ નગરીની મુખ્ય શોભા હતી. શહેરની ચારે બાજુ સુંદર કિલ્લો આવી રહ્યો હતો. શેહેરની દક્ષિણ બાજુએ મહાન વિસ્તારમાં વહન થતી **ગો**ળા નદી પોતાનાં શીતળ અને ચમત્કારિક તરંગોથી પ્રેક્ષકોને આલ્હાદિત કરતી હતી. નદીના કિનારાપર આવેલો હરિયાળો પ્રદેશ, શેહરની ચારે બાજુએ આવેલાં ઉપવનો અને સુંદર નાની નાની ટેકરીઓ પર આવેલાં વૃક્ષનાં નિકુંજો, આ સર્વ ગ્રીષ્મ ઋતુમાં પડતા પ્રચંડ તાપથી મનુષ્યોને શાંતિ આપવા માટે પુરતાં હતાં.

નગરીનાં લોકો સમૃધિવાન્, બળવાન્, નિરોગી, રૂપવાન્, વિચારશીળ, અને ધાર્મિક હોવાથી, મોટે ભાગે સુખી અને શાંત હતાં.

આ નગરીનો પાલક ક્ષત્રિયવંશી મહારાજા **વી**રધવળ હતો. **વી**રધવળ ઘણો ગુણવાન્ અને વિચારવાન્ હતો; છતાં કાંઇક સાહસ કામ કરવામાં તત્પર તેમજ સહજ લોભના અંશવાન્ હતો, તથાપિ પોતાની પ્રજાને સુખી કરવાને અને સુખી જોવાને તે નિરંતર ઉત્સુકજ રહેતો હતો. તેણે પ્રજાને કેળવી જાણી હતી, તેથી તેના તરફ પ્રજાની પ્રીતિ એક વ્હાલા પિતા કરતાં પણ અધિક હતી.

**વી**રધવળને **ચં**પકમાળા, તથા કનકવતી નામની બે રાણીઓ હતી. **ચં**પકમાળા મુખ્ય પટ્ટરાણી હતી. કનકવતી પણ રાજાના પ્રેમ પાત્ર તરીકે ગણાતી.

**વી**રધવળની ઉમ્મર લગલગ પચાશ વર્ષની થવા આવી હતી; તથાપિ સંસાર વૃક્ષના ફળ સમાન પુત્ર, પુત્રી રૂપ કાંઈ પણ સંતતિની પ્રાપ્તિ થઈ ન હતી. એક દિવસ મહારાજા **વી**રધવળ સભા વિસર્જન કરી સાંજના વખતે વિશ્રાંતિ લેવા માટે, મહેલના ઝરૂખામાં આમ તેમ ફરતો હતો. અસ્ત થતા પણ શાંત, ગ્લાની પામેલા છતાં ચળકતા, સૂર્યનાં સોનેરી કિરણો તેના શરીરની શોભામાં વધારો કરતાં હતાં.

મલયાચળને સ્પર્શીને આવતો મંદમંદ પવન તેના વિચારોમાં શીતળતા પ્રસરાવી રહ્યો હતો. તેના શરીરનું વય પ્રૌઢ છતાં યુવાનની માફક ઉત્સાહી જણાતું હતું. એ સૃષ્ટિ સૌંદર્યતાનું અવલોકન કરતાં તે પરમાનંદમાં મગ્ન થયેલો હોય તેમ જણાતો હતો.

આવા આનંદી વખતમાં એક યુવાન પુરુષદ્વાર આગળ આવી ઉભો રહ્યો. દ્વારપાળે તેને અટકાવ્યો, એ વખતે ઝરૂખામાં રહેલા રાજાની દૃષ્ટિ તેના ઉપર પડી. રાજા વિચાર કરવા લાગ્યો કે "અત્યારે સંધ્યાવેળાએ, મારી મુલાકાતે આવનારને અવશ્ય મહાન્ પ્રયોજન હોવું જોઇએ. રાજાએ દરેક માણસનાં દુઃખ ગમે તેવે પ્રસંગે પણ સાંભળવાં જોઇએ; અને ગમે તેવે પ્રયત્ને પ્રજાને દુઃખથી મુક્ત કરવી જોઇએ ઘણા ખરા અધિકારીઓ પ્રજાના દુઃખની ઉપેક્ષા કરે છે. નિયમિત વખત સિવાય તેઓની મુલાકાતો લેતા નથી કે તેના દુઃખો સાંભળતા નથી, અને પ્રજાને નુકસાનીમાં ઉતરવા દે છે. આ પ્રમાણે પ્રજાની તત્કાળ દાદ નહિ સાંભળનારા રાજા કે અધિકારીઓ રાજા કે અધિકારને લાયક જ નથી. મારે મારી પ્રજાની ફરીયાદ ગમે તે વખતે સાંભળવી જ જોઇએ, અને બનતે પ્રયત્ને સુખી કરવી જ જોઇએ. પ્રજા સુખી તો રાજા સુખી થાય છે, નહિતર પ્રજાના કળકળતા શ્રાપ રાજાને નિર્વંશ કરી નરકની અસહ્ય યાતનામાં નાખે છે". ઇત્યાદિ વિચાર કરી રાજાએ તત્કાળ તે યુવાનને પોતાની પાસે બોલાવવા દ્વારપાળને આજ્ઞા કરી. દ્વારપાળ તેને અંદર તેડી લાવ્યો. તે યુવાન્ પુરુષે અંદર આવી, રાજાને નમસ્કાર કરી, ચરણ આગળ ભેટણું મુકયું. કેટલીક વાર એકાંતમાં વાતચીત કરી શાંત ચિત્તે તે પાછો ફર્યો.

તે યુવાન પુરૂષના ગયા પછી મહારાજા **વી**રધવળના મુખ ઉપર અકસ્માત્ ગ્લાનિ આવી ગઈ. હસતું વદન શોકમાં ડુબી ગયું. મુખપર ચળકતું રાજતેજ નિસ્તેજ થઈ ગયું. તેના દરેક રોમમાં ચિંતા વ્યાપી ગઇ; ઉંડા અને ઉષ્ણ નિઃશ્વાસ મુખમાંથી નીકળવા લાગ્યા. ટુંકાણમાં કહીએ તો રાજા નિશ્ચેષ્ટની માફક સ્તબ્ધ થઇ ગયો.

એ અવસરે રાણી **ચં**પકમાળા અને **ક**નકવતી રાજાની પાસે આવી ઉભા, પણ ધ્યાનમગ્ન યોગીની માફક, ચિંતામાં એકાગ્ર થયેલા રાજાએ તેમને બીલકુલ બોલાવી નહિ. પોતાના પ્રિય પતિ તરફથી આજે નિત્યની માફક કાંઈ પણ આદર માન ન મળવાથી તેઓ ગભરાઇ ગઇ. તેઓનું ચિત્ત વ્યગ્ર થયું. વિચારવા લાગી કે, આજે સ્વામીની અમારા

ઉપર આવી અકૃપા શા માટે ? અજાણતાં પણ શું અમારાથી પતિનો કાંઇ અપરાધ થયો છે ? આજે નિત્યની માફક પતિ તરફથી બીલકુલ માન ન મળવાનું કારણ શું ? વિગેરે સંકલ્પ વિકલ્પથી ઘેરાએલી વલ્લભાઓ નજીક આવી અને સાર્દ્ર હૃદયે તથા નમ્ર વચને પતિને પ્રાર્થના કરવા લાગી.

" સ્વામીનાથ ! શું આજે અમે કાંઇ આપના અપરાધમાં આવેલ છીએ ? આપ આટલા બધા ઉદાસ શા માટે ? થોડા વખત ઉપર આપ આ મહેલના ઝરૂખામાં આનંદમાં ફરતા હતા અને ચંદ્રાવતીની શોભા અવલોકતા હતા. આટલા ટુંકા વખતમાં આપ આમ ઉદાસ શા માટે ? જો તે વાત આ સહચારિણીઓને જણાવવા લાયક હોય તો કૃપા કરી જણાવશો."

પોતાની પ્રિય વલ્લભાઓનો અવાજ કાને પડતાંજ તે જાગ્રત થયો, અને પ્રેમનાં વચનોથી બોલવા લાગ્યો કે, "પ્રિય વલ્લભાઓ ! આજે હું એક મોટી ચિંતામાં નિમગ્ન થયો છું અને તેથીજ તમારા આગમનને હું જાણી શક્યો નથી. તમે જે તમારા પોતાના અપરાધ વિષે શંકા કરી તે કાંઈ નથી. પણ મને આજે જે ચિંતા થઈ છે તેનું કારણ જુદુંજ છે, અને તે ચિંતામાં તમારે પણ ભાગ લેવાનો છે.

આપણા આ શેહેરના નિવાસી વણિક પુત્ર ગુણવર્માએ હમણાં મારી પાસે આવી, પોતાનો ઇતિહાસ સંભળાવ્યો છે, અને તેજ ચિંતાનું કારણ છે." આ પ્રમાણે જણાવી મહારાજા વીરધવળ પાછો શાંત થઈ ગયો.

મહારાણી ચંપકમાલા હાથ જોડી નમ્રતાથી રાજાને વિનંતિ કરવા લાગી. " મહારાજ ! આપની ચિંતાનું કારણ આ સહચારિણીઓને અવશ્ય જણાવવું જોઈએ. અમે આપના સુખે સુખી અને દુઃખે દુઃખી થનારી છીએ. આપના કહેવા મુજબ આ ચિંતામાં અમો ઘણી ખુશી થઈને ભાગ લઈશું અને અમારાથી બનતું કરીશું. "

પ્રિયાનો અત્યાગ્રહ જોઇ મહારાજા વીરધવળે પોતાની ઉદાસીનતાના કારણરૂપ ગુણવર્માએ કહેલો વૃત્તાંત જણાવવો શરૂ કર્યો.

---

## પ્રકરણ ૩ જું.

---

## વીરધવળની ઉદાસીનતાનું કારણ.

---

" વલ્લભાઓ ! આપણી આ ચંદ્રાવતીમાં લોભનંદી અને લોભાકર નામના બે વણીકો રહે છે. **યથા નામ તથા ગુણાઃ** આ ન્યાયને અનુસ-

રીને નામ પ્રમાણે તેમનામાં ગુણો છે, છતાં સહોદર હોવાથી આપસમાં પ્રીતિવાળા છે. લોહ વિગેરે વ્યાપારના વ્યવસાયથી ધન ઉપાર્જન કરતાં સુખમાં દિવસો પસાર કરે છે. કાળક્રમે **લોભાકરને** **ગુણવર્મા** નામનો પુત્ર થયો; પણ અનેક સ્ત્રીઓનું પાણિ ગ્રહણ કરવા છતાં **લોભનંદીને** કાંઇ પણ સંતતિ થઇ નથી. ખરેખર પુત્ર, પુત્રીઆદિ સંતતિરૂપ ફળો પણ પૂર્વોપાર્જિત શુભાશુભ કર્મબીજાનુસારજ મળી શકે છે.

એક દિવસ બંને ભાઇ દુકાન ઉપર બેઠા હતા, તે અરસામાં કોઇ દિવસ નહિ દેખાયેલો, સુંદર આકૃતિવાળો, એક યુવાન્ પુરૂષ ફરતો ફરતો ત્યાં આવ્યો. સંસાર વ્યવહારમાં તેમજ વિશેષે વણિકકળામાં પ્રવીણ આ વણિકોએ, આકૃતિ ઉપરથી તેને શ્રીમંત જાણીને આસનાદિ પ્રદાનવડે તેની સારી ભક્તિ કરી. 'ખરી વાત છે, કે નિઃસ્વાર્થ પ્રીતિ કે ભક્તિ કરનાર વીર પુરૂષો આ પૃથ્વી ઉપર વીરલાજ હોય છે.'

કેટલેક દિવસે તે વણિકોની કૃત્રિમ પ્રીતિ, ભક્તિથી વિશ્વાસ પામેલા આ યુવાન્ પુરૂષે પોતાની પાસે રહેલું એક તુંબડું થોડા દિવસ રક્ષણ કરવા માટે તેમને સોંપ્યું અને પોતે બહાર ગામ ગયો. તેઓએ તુંબડાને દુકાનની અંદર ઉંચે બાંધી મૂક્યું. તાપની ગરમીથી પીગળેલાં રસનાં ટીપાંઓ, તે તુંબડામાંથી ગળી ગળીને નીચે પડેલા લોઢાના ઢગલા ઉપર પડયાં. તે લોહવેધક રસ હોવાથી, તમામ લોઢાનો ઢગલો સુવર્ણમય થઇ ગયો. તે જોતાંજ આ સિદ્ધરસ છે એમ નિશ્ચય કરી તે લોભાંધ વણિકોએ રસ સહિત તુંબડાંને કોઇ ગુપ્ત સ્થળે ગોપવી રાખ્યું.

કેટલાએક દિવસ પછી તે યુવાન્ પુરૂષ પાછો **ચંદ્રાવતીમાં** આવ્યો અને તે વણિકો પાસે પોતાનું તુંબડું પાછું માંગ્યું.

માયાવી વણિકોએ જવાબ આપ્યો કે ઉંદરોએ દોરી કાપી નાખવાથી તુંબડું નીચે પડી ફુટી ગયું ને રસ ઢોળાઇ ગયો ! આ પ્રમાણે જવાબ આપી અન્ય તુંબડાના કટકા તેને દેખાડયા.

અન્ય તુંબડાના કટકા જોઇ યુવાન્ પુરૂષ વિચારમાં પડ્યો. તુંબડામાં લોહવેધક રસ છે એ વાત કોઇપણ પ્રકારે આ વણિકોએ જાણી છે અને તેથી લોભાંધ થઇ મારા તુંબડાને છુપાવે છે.

યુવાન્ પુરૂષે વણિકોને જણાવ્યું "શેઠ મારૂં તુંબડું મને પાછું આપો, આ કટકા તે તુંબડાના નથીજ. કપટથી જુઠા ઉત્તર ન આપો. તમે ન્યાયવાન્ છો. મેં વિશ્વાસી થઇને તમને તુંબડું સોંપ્યું છે. જો પાછું નહિં આપો તો મહાન્ અનર્થ થશે હું કોઇ પણ રીતે તેનો બદલો લીધા વિના

રહેવાનો નથી. " ઇત્યાદિ અનેક પ્રકારે તે બન્નેને સમજાવ્યા, પણ તે અજ્ઞાની વણિકોએ તેના કહેવાની બીલકુલ દરકાર ન કરી. યુવાન્ પુરૂષ વિચારવા લાગ્યો કે, " જો આ વાત હું રાજાને જણાવીશ તો રાજા લોભથી તે તુંબડું લઇ લેશે, કારણ કે લક્ષ્મી દેખી કોનું મન લલચાતું નથી. ? બીજી બાજુ આ વણિકો સહેલાઇથી મને તે પાછું આપે તેમ પણ જણાતું નથી. હજી મારે ઘણું દૂર જવાનું છે, માટે વખત ગુમાવવો તે પણ અનુકુળ નથી. ત્યારે હવે છેલ્લો ઉપાયજ આ વણિકો ઉપર અજમાવવો. ' **शठं प्रति शाठ्यं कुर्यात्** ' શઠની સાથે શઠપણુંજ કરવું, ધૂર્તોની સાથે ધૂર્ત થવું, અને સરલની સાથે સરલ થવું યોગ્ય છે. " આ પ્રમાણે વિચાર કરી પોતાની પાસે **સ્થંભિની** વિદ્યા હતી, તે વિદ્યાની પ્રબળતાથી બન્ને ભાઇને સ્થંભી તે પુરૂષ ત્યાંથી કોઇ ઠેકાણે ચાલતો થયો.

તે વિદ્યાના યોગથી તેઓ એવી રીતે સ્થંભાઇ ગયા કે, તેમના અંગોપાંગો આમ તેમ બીલકુલ હરી ફરી ન શક્યાં, પણ એક સ્થંભની માફક સ્થિર થઇ ઉભાંજ રહ્યાં. થોડા વખતમાં તો તે બન્નેની સંધિઓ (સાંધાઓ) ત્રુટવા લાગી, અને જોરથી બુમો પાડવા લાગ્યા કે ' અમે મરી જઇએ છીએ કોઇ અમારૂં રક્ષણ કરો ! રક્ષણ કરો. ! !

આ દુનિયાના પામર જીવો કર્મ કરતી વખતે બીલકુલ આગામી દુઃખની દરકાર કરતા નથી. પણ વર્તમાન કાળનેજ દેખે છે. આવાં દુષ્ટ કર્મોનાં ફળો ભોગવવાં પડશે કે કેમ ? તેની આગાહી પણ બીલકુલ કરતા નથી; પણ જ્યારે તે વિપાકો ઉદય આવે છે, ત્યારે તેમાંથી છુટવા માટે આમ તેમ ફાંફાં મારે છે, ઉપાયો કરે છે, અને આર્ત્ત સ્વરે રૂદન કરે છે. પણ તેમ કરવાથી તેઓનો છુટકારો થવાનો નથી. જેવા પરિણામે જે કર્મ બાંધ્યું છે તેવાજ તીવ્ર યા મંદ વિપાક તેનાં ફળો ભોગવવાંજ પડે છે, માટે દુઃખથી ઉદ્વિગ્ન થનારા જીવોએ કર્મ કરતી વખતેજ સાવધાન રહેવાની જરૂર છે, કે જેથી તેના કટુક વિપાકો ભોગવવાનો અવસરજ ન આવે.

વિશ્વાસઘાત મહાન્ પાપ છે. વિશ્વાસઘાત કરનારાઓ અધોગતિમાં જાય છે, અને રૌરવ જેવી હાલતમાં પોતાની જીંદગી ગુજારે છે.

આ વણિકોને પોતાના પાપનો-વિશ્વાસઘાત કરવાનો, અત્યારે પશ્ચાત્તાપ થયો, પણ અવસર વિનાનો પશ્ચાત્તાપ નકામો છે. તે પશ્ચાત્તાપથી અત્યારે તેઓ છુટી શકે તેમ નહોતા. કારણ કે ' **તીવ્ર કર્મનો વિપાક પણ તીવ્ર જ હોય છે.** ' તે યુવાન્ પુરૂષ તો નિસ્પૃહની માફક ત્યાંથી દૂર ચા-

લ્યો ગયો હતો, એટલે તેમના દુઃખનો અંત ત્યાંજ આવે તેમ નહોતુંજ. આ વાતાં શહેરના મોટા ભાગમાં પ્રસરી ગઇ. ઠેકાણે ઠેકાણે બન્ને વણિકોને લોકો ફીટકાર આપવા લાગ્યા. અને ઉગ્ર કર્મનાં ફળો આ ભવમાંજ મળે છે, એમ નિશ્ચય કરી હળવા કર્મી જીવો તેવાં ઘોર અકાર્યોથી અત્યારથીજ પાછા ફરવા લાગ્યાં.

આ અવસરે **લોભાકરનો** પુત્ર **ગુણવર્મા** કોઇ કાર્યપ્રસંગે કેટલાક દિવસથી અન્ય ગામ ગયો હતો, તે આ વાત સાંભળી ઘેર આવ્યો. પોતાના પિતાની તથા કાકાની આવી અધમ દશા જોઇ તેને ઘણું લાગી આવ્યું. ગુણવર્માં ઉદાર દીલનો, નિર્લોભી, અને વિચારશીળ હતો. લોકોમાં થતા આ અપવાદો તેનાથી સહન ન થયા. બીજી બાજુ પોતાના વડીલોને દુઃખી થતા જોવું તે પણ યોગ્ય ન લાગ્યું. તેણે તત્કાળ અનેક મંત્ર તંત્ર વાદિઓને તેડાવ્યા, અને પાણીની માફક પૈસાનો વ્યય કર્યો, અનેક ઉપાય કર્યા. અનેક મંત્ર તંત્ર વાદિઓ આવ્યા, પણ જે તીવ્ર કર્મોથી ડસાયેલો હોય તેનો તે વિપાકો ભોગવ્યા સિવાય છુટકો કેવી રીતે થાય? પાણી ઉપર થતા પ્રહારની માફક તેઓના કરેલા સર્વ ઉપાયો નિષ્ફળ નીવડયા. એટલુંજ નહિ પણ હળવે હળવે તેમની પીડામાં વધારો થતો રહ્યો. ગુણવર્મા નિરાશ થયો, કોઇ ઉપાય લાગુ ન પડવાથી સર્વ મંત્ર, તંત્ર વાદિઓને વિસર્જન કર્યા.

---

## પ્રકરણ ૪ થું.

### યુવાન પુરૂષની શોધ.

---

રિદ્ધિથી પૂર્ણ છતાં, મનુષ્યોથી શૂન્ય એક શહેરની આગળ ઉભો ઉભો યુવાન પુરૂષ વિચાર કરે છે કે "હવે હું કયાં જાઉં? તે અજાણ પુરૂષની શોધ કેવી રીતે કરૂં? હું પોતે તો તેને ઓળખતો નથી, તેને ઓળખનાર સાથે આવેલ માણસ તો બીમાર થવાથી રસ્તામાંથીજ પાછો ફર્યો. તેનું નામ, ઠામ કે આકૃતિ વિગેરે હું કાંઈ જાણતો નથી. ફરી ફરીને થાક્યો. અનેક શેહરો, ગામો, આશ્રમો, વિગેરે શોધી વળ્યો. પણ તેનો તો પત્તો લાગતોજ નથી. અથવા તે આટલામાંજ હોય છતાં હું તેને કેવી રીતે ઓળખી શકું?" વિગેરે વિચારોથી અને રસ્તાના પરિશ્રમથી ખિન્ન થયેલ તે

પુરૂષ, આ શૂન્ય શહેરમાં વિશ્રાંતિ માટે પ્રવેશ કરે છે, તેવામાં સુંદરાકૃતિવાળો એક પુરૂષ ત્યાં તેના જોવામાં આવ્યો.

તે પુરૂષને, આ શહેરમાં દાખલ થતા પુરૂષની કાંઈ અપેક્ષા ( જરૂરીયાત ) હોય તેમ તેના ચહેરા ઉપરથી જણાતું હતું. શહેરમાં દાખલ થતા પુરૂષને જોઈ તે પુરૂષ ખાશી ઉઠયો.

"હે વીર પુરૂષ ! તું કોણ છે ? અને કયાંથી આવ્યો છે ?" તે સાંભળી શહેરમાં પ્રવેશ કરનાર પુરૂષે જણાવ્યું કે "ભાઇ, હું વટેમાર્ગુ છું; દેશાટન કરતાં રસ્તાના પરિશ્રમથી ખેદ પામી, વિશ્રાંતિ માટે આ શહેરમાં પ્રવેશ કરૂં છું."

"તમે પોતે કોણ છો ? એકલા કેમ દેખાઓ છો ? આ શહેર રિદ્ધિથી પૂર્ણ છતાં મનુષ્યોથી શૂન્ય શા માટે ? આ નગરીનું નામ શું ? વિગેરે તમે મને જણાવશો ?" શહેરમાં પ્રવેશ કરનાર પુરૂષે આ સર્વ પ્રશ્ન તેને પુછ્યા.

વટેમાર્ગુનાં આવાં વિનય ભરેલાં વચનો સાંભળી ઘણો ખુશી થઈ તે પુરૂષ કહેવા લાગ્યો.

"હે ભદ્ર ! આ કુશવર્ધન નામનું શહેર છે. વીરપુરૂષોમાં અગ્રેસરી સૂર નામનો રાજા આંહી રાજ્ય કરતો હતો. તેને **જયચંદ્ર** અને **વિજયચંદ્ર** નામના અમે બે પુત્રો હતા. આયુષ્ય પૂર્ણ થતાં મારા પિતા આ ફાની દુનિયાનો ત્યાગ કરી દેવભૂમિમાં જઈ વસ્યા. ખરેખર નામ તેનો નાશ છે. દેહધારી જીવોનાં આયુષ્યો ગમે તેટલાં મોટાં હોય તથાપિ અવશ્ય તેનો અંત આવે છે.

મારા પિતાના મૃત્યુ બાદ મારો જ્યેષ્ઠબંધુ **જયચંદ્ર** રાજ્યાસનપર આવ્યો. મારા વડિલ બંધુએ મને રાજ્યનો ભાગ ન આપ્યો, તેથી મારૂં અપમાન થયેલું-સમજી આ રાજધાની મૂકી હું બીજે સ્થળે ચાલ્યો ગયો. રસ્તે ચાલતાં ચંદ્રાવતી નગરી આવી; તે નગરીના બહારના ઉદ્યાનમાં એક વિદ્યાસિદ્ધ સિદ્ધપુરૂષને મેં જોયો. પણ તે સિદ્ધ પુરૂષ અતિસારના રોગથી એવી રીતે પીડાતો હતો કે તેનાથી જરા માત્ર ચલાતું કે, બોલાતું નહોતું. તેની આવી અવસ્થા જોઈ મને નિઃસ્વાર્થપણે દયા આવી.

દુઃખી મનુષ્યોને જોતાં નિઃસ્વાર્થપણે જેને દયા નથી આવતી તે મનુષ્યો મનુષ્ય નામ ધરાવવાને લાયક નથી. જ્યારે પોતે દુઃખી હોય છે ત્યારે તે દુઃખમાંથી મુકાવા માટે પોતે ઇચ્છા કરે છે, બીજા મનુષ્યોની મદદ માંગે

છે, એવી દુઃખી અવસ્થામાં કોઇ થોડી પણ મદદ આપે તો પોતે ઘણો ખુશી થાય છે. આ પ્રમાણે જાતિ અનુભવ છતાં તે મનુષ્ય, બીજાને દુઃખી અવસ્થામાં સાહાય્ય ન આપે તો તે વિચારશૂન્ય મનુષ્ય ખરેખર નરપશુજ સમજવો. આવા કૃતઘ્ન મનુષ્યો દુનિયાને ભારભૂત છે. જ્યાં મારાપણાની અને સ્વાર્થપણાથી વૃત્તિઓ હોય છે, ત્યાં પરમાર્થ વૃત્તિઓ કે ધાર્મિક લાગણીઓ ટકી રહેતી નથી. મહાત્માઓ તો પોકાર કરીને કહે છે કે " તમારે સુખી થવું હોય તો બીજાને નિઃસ્વાર્થ બુદ્ધિએ સુખી કરો. " જ્યાં સ્વાર્થ સિદ્ધ થવાની આશા હોય છે, ત્યાં તો મદદ કરનાર અધમ પ્રાણીઓની આ દુનિયામાં કાંઈ ખોટ નથી. પણ સ્વાર્થ શિવાય અન્યને ( જ્યાં ઓળખાણ પણ ન હોય તેને ) મદદ કરી, શાંતિ આપનાર વીરપુરૂષો વિરલાજ હોય છે.

કોઈ પણ વસ્તુની ઇચ્છા સિવાય, કેવળ કરૂણામય દૃષ્ટિથી મેં તે સિદ્ધ પુરૂષને એવી રીતે ઔષધ ઉપચારની મદદ કરી કે તે થોડાજ દિવસમાં શરીરે તદ્દન નિરોગી થયો.

નિરોગી થયેલા તે સિદ્ધ પુરૂષે મારૂં નામ, ઠામ વિગેરે પૂછ્યું. ટુંકમાં મારા ઉપર ગુજરેલી હકીકત મેં તેને જણાવી.

" સામા માણસ ( જેને મદદ કરી છે તે ) સમર્થ હો કે અસમર્થ હો, તથાપિ નિઃસ્વાર્થપણે, દયાથી, આર્દ્ર પરિણામે, જે મદદ કરી છે, તેનો બદલો પ્રગટ કે ગુપ્ત રીતે તેને મળ્યા સિવાય રહેતો નથી. સ્વાર્થી જીવો વર્તમાનકાળને જુવે છે, અને તેથી તત્કાળ લાભ દેખાય તોજ બીજાને મદદ કરે છે. પણ ઉત્તમ મનુષ્યોની દૃષ્ટિ ભવિષ્યકાળ સુધી લંબાય છે, અને સર્વ જીવોને તે પોતાની માફક ગણે છે, અને તેથીજ તેઓ કાંઇ પણ ઇચ્છા સિવાય પણ બીજાને મદદ કરે છે. "

પ્રસન્ન થયેલા તે સિદ્ધ પુરૂષે પાઠસિદ્ધ ( બોલવા માત્રથી તે વિદ્યાના ગુણને આપનાર ) સ્થંભિનિ ( બીજાને સ્થંભા લેવાની ) અને વશીકરણની ( બીજાને વશ કરવાની ) એ વિદ્યાઓ મને આપી, અને એક રસનું ભરેલું તુંબડું આપી મને તેણે જણાવ્યું કે " આ તુંબડાનું તારે સારી રીતે રક્ષણ કરવું. આ રસ મેં ઘણી મહેનતે મેળવ્યો છે. આ રસ લોહવેધી છે. જેના એક બિંદુ માત્રના સ્પર્શથીજ લોહનું સુવર્ણ ( લોઢાનું સોનું ) થઈ શકે છે. મારી દુઃખી અવસ્થામાં તેં મને ઘણી મદદ કરી છે. તું મને બીલકુલ ઓળખતો નથી, તેમ મારા તરફથી તને કાંઈ મળે તેવી આશા

પણ નહોતી. કારણ કે ધનાઢયોની માફક મારી પાસે તેવો બાહ્ય આડંબર કાંઇ નહોતો. તથાપિ કેવળ કરૂણાદૃષ્ટિથી તેં મદદ કરી છે એજ તારી ઉત્તમતા સૂચવી આપે છે. આ વિદ્યા અને તુંબડાથી એક મહાન્ રાજ્ય સંપદા તું મેળવી શકીશ. પરમાત્મા તારા ભલા કર્તવ્યનો બદલો તને આપો, અને તારા મનોરથો સિદ્ધ કરો." ઇત્યાદિ શિક્ષા અને આશીર્વાદ આપી તે સિદ્ધ પુરૂષ શ્રી ગિરિના પાહાડ તરફ ચાલ્યો ગયો.

"સિદ્ધ પુરૂષે પોતાના ઉપર ઉપકાર કરનારને તેનો બદલો શક્તિ અનુસારે વાળી આપ્યો. કરેલા ઉપકારને ભૂલી જનારા, શક્તિ છતાં અને અવસર મળ્યા છતાં પ્રત્યુપકાર ( સામો ઉપકાર ) નહિ કરનારા મનુષ્યો ધિક્કારને પાત્ર છે. ભલે તેવા કૃતઘ્નો કરેલા ઉપકારને ભૂલી જાય—બદલો ન આપે, છતાં પરિણામની વિશુદ્ધિપૂર્વક ઉપકાર બુદ્ધિથી કરેલો પરોપકાર તેને તેનાં મીઠાં ફળો અવશ્ય આપે છે. કારણ કે પરિણામની વિશુદ્ધિ કે શુભમયતા થતાંજ કર્મ નિર્જરા કે, શુભકર્મ ( પુણ્યની પ્રાપ્તિ ) અવશ્ય તેને પ્રાપ્ત થાય છે. આ સ્થળે **વિજયકુમારની** નિઃસ્વાર્થી પરોપકારની લાગણી અને સિદ્ધ પુરૂષે વાળેલો ઉપકારનો બદલો આ બે વાત વાંચનારાઓએ અવશ્ય ધ્યાનમાં રાખવી, અને અવસર મળ્યે તેમ કરવા ભુલવું નહિ."

સિદ્ધ પુરૂષની શિક્ષાનો સ્વીકાર કરી હું **ચં**દ્રાવતીનગરીમાં ફરવા લાગ્યો. ફરતાં ફરતાં **લો**ભનંદી અને **લો**ભાકર નામના વણિકોની દુકાને ગયો. વ્યવહારમાં નિપુણ તેમજ કપટ કળામાં પણ નિપુણ તે વણિકોએ મારો ઘણો આદર સત્કાર કર્યો, અને એવી રીતે મારી ભક્તિ કરી મને સ્વાધીન કરી લીધો કે વિશ્વાસ પામી, તે રસનું તુંબડું થોડો વખત સાચવવા માટે તેઓને સોંપી હું બીજે ગામ ગયો.

**લ**ક્ષ્મીપુરીમાં કેટલાક દિવસ રહી, માતાને મળવાને ઉત્કંઠિત થયેલો હું સ્વદેશ જવાને પાછો ફર્યો. રસ્તામાં તે રસનું તુંબડું લેવાને **ચં**દ્રાવતીમાં શેઠની દુકાને ગયો. પણ કોઇ કારણથી 'તે લોહવેધક **રસ** છે' એ ખબર શેઠને પડવાથી મને જુઠો ઉત્તર આપી, તે લોભાંધ વણિકોએ રસનું તુંબડું પાછું ન આપ્યું. ત્યારે છેવટે તેમના કર્તવ્ય પ્રમાણે શિક્ષા આપી હું ત્યાંથી ચાલ્યો ગયો. ફરતો ફરતો આંહી આવ્યો, તેવામાં આ મારા પિતાની રાજધાની સર્વથા ઉજડ વેરાન જેવી થયેલી મેં જોઇ.

વાચકોને યાદ હશે કે પોતાના પિતા તથા કાકાને મુક્ત કરવા માટે, ગુણવર્માએ કરેલા અનેક ઉપાયો નિરર્થક ગયા. ત્યારે નિરાશ થઇ તે મહાન્

ચિંતામાં પડયો હતો. છેવટે વિચાર કરતાં તેણે એવો નિર્ણય કર્યો કે, જે- નાથી આ દુઃખ અગ્નિ પ્રકટી છે તેનાથીજ તે શાંત થશે, તેનુંજ શરણ લીધા સિવાય છુટકો નથી. એમ નિશ્ચય કરી તે માણસને ઓળખનાર એક સહા- યકને સાથે લઈ આ યુવાનની શોધમાં તે નીકળી પડયો હતો. રસ્તામાં સ- હાયક બીમાર પડવાથી તેને મૂકી દઇ ગુણવર્મા જાતેજ તે યુવાનની શોધ કરતો કરતો આંહી શૂન્યનગરમાં આવી ચઢયો છે. અને વહાલાના દુઃખે દુઃખી થઇ ગુણવર્મા જેની શોધ કરતો હતો તેજ આ શૂન્ય નગરમાંથી મળી આવ્યો. તે આ કુશવર્ધનપુરના સૂરચંદ્ર રાજાનો વિજયચંદ્ર ના- મનો કુમાર છે.

## પ્રકરણ ૫ મું.

### કુશવર્ધન, ઉજડ થવાનું કારણ શું ?

મારા પિતા તથા કાકાને સ્થંભન કરનાર આ પોતેજ છે એમ જાણી ગુણવર્માને હિમ્મત આવી. 'જ્યાં સુધી વિજયચંદ્રના સંપૂર્ણ ઇતિહાસથી હું માહિતગાર ન થાઉં ત્યાં સુધી મારી વાત મારે પ્રકટ નજ કરવી ' એમ નિર્ણય કરી ગુણવર્માએ જણાવ્યું. ' ભાઇ ! આગળ કહો. આ નગરી શૂ- ન્ય કેમ થઇ ?'

વિજયચંદ્રે જણાવ્યું. " આ નગરી મનુષ્યોથી શૂન્ય જોઇ, મને બહુ લાગી આવ્યું. દેવતાઈ શહેર આજે સ્મશાન સરખું જોઇ મન આકુળવ્યા- કુળ થવા લાગ્યું. અનેક સંકલ્પ, વિકલ્પો ઉઠ્યા. પણ મનનું સમાધાન નજ થયું. છેવટે ઉત્સાહ અને હિમ્મતથી આ નગરી ઉજડ થવાનું કારણ શોધવા મેં નિર્ણય કર્યો. નગરીમાં ચારે બાજુ હું ફરવા લાગ્યો, પણ મારા સિવાય બીજું કોઇ પણ માણસ નગરીમાં જોવામાં ન આવ્યું. છેવટે મેં રાજમંદિ- રમાં પ્રવેશ કર્યો. ત્યાં મારા જ્યેષ્ઠબંધુની વિજયા નામની પત્ની એકલી મારા જોવામાં આવી. મને જોતાંજ તે સંમુખ ચાલી આવી. બેસવાને આસન આપી; અશ્રુપૂર્ણનેત્રોથી તે રડવા લાગી. મેં તેને ધીરજ આપી, આ નગ- રી શૂન્ય થવાનું કારણ પૂછ્યું.

વિજયાએ જણાવ્યું. થોડા વખત ઉપર લાલ વસ્ત્ર ધારક માસ, મા- સના ઉપવાસ કરવાવાળો એક તપસ્વી આંહી આવ્યો હતો. તેના તરફ આ

શહેરની પ્રજાની વિશેષ ભક્તિ હતી. તમારા વડીલબંધુએ માસ ઉપવાસનું પારણું કરવા માટે એક વખત નિમંત્રણા કરી. રાજાના નિમંત્રણને માન આપી તે મહેલમાં જમવા આવ્યો. તેના પારણા માટે સર્વસામગ્રી તૈયાર કરાવી જમવા બેસાડ્યો, અને વિશેષમાં જમતી વખતે તેને પવન ઉરાડવા મને આજ્ઞા કરી. સ્વામીની આજ્ઞાને માન આપી તે કામ મારે બજાવવું પડ્યું, અહા! ભક્તિની પણ મર્યાદા હોવીજ જોઇએ. નવીન યૌવન, સુંદર રૂપ, અને શૃંગારથી ભરપુર મારા શરીરને જોઇ તે પાખંડીનું મન વિક્ષિપ્ત થયું.

ખરેખર તપસ્વીઓનું પણ મન સુરૂપા સ્ત્રીઓને જોઈ ચલિત થઇ જાય છે. અને આજ કારણથી વીતરાગદેવે યોગીઓને સ્ત્રીઓના સહવાસથી દૂર રહેવાનું ફરમાન કર્યું છે. જુઓ કે દરેક યોગીઓ માટે કે તપસ્વીઓ માટે આમ બનતું નથી કે તેમનું મન ચલિત થઇજ જાય. છતાં તત્ત્વજ્ઞાનમાં પૂર્ણ પ્રવેશ નહિ કરનાર, અજ્ઞાન કષ્ટ કરનાર, સ્વ–પરના વિવેકને નહિ જાણનાર, કે પ્રથમ અભ્યાસીઓના સંબંધમાં આવા પ્રસંગો બનવાનું સુલભ છે. સત્તામાં રહેલાં કેટલાંક કર્મોનો એવો સ્વભાવ છે કે નિમિત્ત પામી તે કર્મોનો ઉદય થાય છે. તે અવસરે આત્મ જ્ઞાનમાં પ્રમાદી અને સ્વસ્વરૂપ ભૂલેલા અભ્યાસીઓ પ્રબળ કર્મોદય ને રોકવા અસમર્થ થઈ, તન, મન, ઉપરથી પોતાનો કાબુ (સત્તા) ખોઇ દેઇ અકાર્યમાં પ્રવૃત્ત થાય છે. માટે આત્મદશા પ્રગટ કરનાર જીવોએ તેવાં નિમિત્તોથી વારંવાર દૂર રહેવું એજ ફાયદાજનક છે.

" તે તપસ્વી જમતાં જમતાં પોતાનું ભાન ભૂલી ગયો. તપસ્યાથી ગ્લાનિ પામેલા શરીરમાં કામે કોઇ પ્રબળ જુસ્સો ઉશ્કેરી મૂક્યો કે જેથી દુર્બળ શરીર પણ પ્રબળ થઇ આવ્યું. તે અવસરે તો તે જમીને પાછો ગયો, પણ રાત્રીએ તે મોહાધીન, કામાંધ, તપસ્વી ગોધાના પ્રયોગથી મારા મહેલમાં દાખલ થયો, અને મારી પાસે વિષયની યાચના કરવા લાગ્યો. જ્યારે તેનું કહેવું મેં માન્ય ન કર્યું ત્યારે મને સામ, દામ, દંડ અને ભેદનાં વચનોથી દમ ભરાવી હરેક રીતે કનડવા લાગ્યો.

આ તપસ્વી હોવાથી તેનો વધ ન થાય તો સારૂ, એમ ધારી મેં પણ સામ, દામ દંડ અને ભેદનાં વચનોથી ઘણું સમજાવ્યો. છતાં તેનો વિષયાંધતાનો રાગ જરામાત્ર ઓછો ન થયો. આમ અમારા બન્નેની રકઝક ચાલતી હતી તેવામાં શયન કરવાનો વખત થતાં તમારા વડીલ બંધુ મહારાજા **જયચંદ્ર** દ્વાર આગળ આવી પહોંચ્યા. અને અમારા આપસમાં થતા આલાપો છુપી

રીતે તેમણે સાંભળ્યા. સાંભળતાંજ તત્કાળ ક્રોધાતુર થયેલા રાજાએ તે અપરાધી તપસ્વીને પોતાના માણસો પાસે બંધાવી લીધો. પ્રભાત થતાંજ તેના કુકર્મો સાંભળી લોકોથી હાંસી કરાતા, રાજાથી નિંદા કરાતા, અને પગલે પગલે અપમાન પામતા, તે તપસ્વીને, ચોરની માફક રાજાએ ગરદન મરાવ્યો.

મરતી વખતનાં કાંઇક શુભાશુભ પરિણામથી, તથા અજ્ઞાન તપસ્યાના કાંઇક પુણ્યથી, મરણ પામ્યા બાદ રાક્ષસ જાતિના દેવોમાં તે રાક્ષસપણે ઉત્પન્ન થયો.

તાપસના ભવમાં થયેલ પોતાના અપમાનને યાદ કરી, રાજા અને પ્રજા ઉપર વૈર ધારણ કરતો તે આંહી આવ્યો.

'હું તેજ તપસ્વી છું કે જેને રાજાએ મારી નંખાવ્યો હતો. મારૂં વૈર હું વાળવાનો છું!' આ પ્રમાણે રાજા, અને પ્રજાને જણાવી રાજાને તેણે તત્કાળ મારી નાંખ્યો, અને પ્રજાનો સંહાર કરવા લાગ્યો. મરણના ભયથી ત્રાસ પામેલી પ્રજા, પોતાનો જાન બચાવવા માટે જેમ નસાયું તેમ આ રાક્ષસના પંજામાંથી નાસી છુટી, અને કેટલાકને તેણે મારી નાંખ્યા. આજ કારણથી રિદ્ધિથી ભરપુર છતાં મનુષ્યોથી શૂન્ય આ નગરી થઇ છે.

હું પણ ભયથી નાસી જતી હતી, તેવામાં આ રાક્ષસે મને પકડી લીધી, અને જણાવ્યું કે 'ભદ્રે! તારા માટે તો આ સર્વ મારો પ્રયાસ છે. જો તું આંહીથી નાસી જઇશ તો ગમે તે સ્થળેથી પણ તને પાછી પકડી લાવીશ. માટે તારે આ રાજમહેલ મૂકી કોઇ પણ સ્થળે જવું નહિં. તેમ ભય પણ ન રાખવો. હું તારૂં રક્ષણ કરીશ. અને તારી સર્વ ચિંતા પણ હુંજ કરીશ.' આ પ્રમાણે જણાવી તે રાક્ષસે મને આંહી રોકી છે. દિવસે તે કોઇક સ્થળે જાય છે. રાત્રીએ પાછો આવે છે. આ પ્રમાણે મારા દિવસો આંહી નિર્ગમન થાય છે."

વિજયચંદ્ર કહે છે. "હે વટેમાર્ગુ! આ ઇતિહાસ સાંભળી મેં વિજયા રાણીને કહ્યું કે, હે ભોજાઇ! જો તું આ રાક્ષસનું કાંઇપણ મર્મસ્થાન (ગુહ્યવાત) જાણતી હોય તો તે કહી બતાવ કે જેથી તે રાક્ષસને જીતી, રાજ્ય અને મારા ભાઇનું વેર હું વાળું!"

વિજયા રાણીએ જણાવ્યું કે "જ્યારે આ રાક્ષસ સુએ છે, ત્યારે જો તેના પગનાં તલિયાં ઘીથી મર્દન (ઘસવામાં) કરવામાં આવે, તો તે ઘણા વખત પર્યંત અચેતનની માફક મહા નિદ્રામાં પડી રહે છે. એ અવસરે તમારામાં જે શક્તિ હોય તે કોરવવી જોઇએ. તોજ રાક્ષસને સ્વાધીન કરી

# બુદ્ધિપ્રભાના ગ્રાહકો માટે.

## અમુલ્ય લાભ.

### " સદ્જ્ઞાનનું વાંચન અને પરમાર્થ "

બોલવા કરતાં કરવું શ્રેષ્ઠ છે એ ન્યાયે અમારી ઇચ્છાનો અમલ પર્વાધિરાજ **શ્રીપર્યુષણ પર્વના** પ્રસંગને લઈ **સપ્ટેમ્બરનો** અંક **મહાવીર** પ્રભુના જન્મ વાંચન અને ઉત્સવના શુભ દિવસે ગ્રાહકોના હાથમાં પહોંચાડવાનક્કી કર્યું છે. જે અંક હંમેશ કરતાં ત્રણ ઘણો ઓછામાં ઓછા ૯૬ પૃષ્ટનો થશે. જુદા જુદા વિષયો ઉપર જુદા જુદા લેખકો લેખો લખનાર છે અને તે લેખો **મહાવીર** પ્રભુના ગુણગાનમાં, કર્મ ખપાવવાની ક્રિયાઓમાં, વાર્ષિક ક્ષમાપનામાં, મન, વચન, કાયા ને શુભ વિચારોમાં વિશેષ પુષ્ટી કરનાર થઈ પડશે, એમ અમારૂં માનવું છે. ( ભાદરવા સુદ ૧ ના દીવસેજ આ અંક વાંચકોના હાથમાં આવે તે માટે નિયમિત કરતાં સવા અઠવાડીઉં વહેલો કાઢવા ઠરાવ્યું છે. ) ગ્રાહકોએ લવાજમ સત્વર મોકલી આપવું. કેમકે આ માસિક બોર્ડીંગને મદદ કરવાના શુભઉદ્દેશથી નીકળે છે, અને તેનો આધાર ગ્રાહકોના વધારા ઉપર તથા લવાજમની આવક ઉપર છે. તેથી અમારા માનવંતા ચાલુ ગ્રાહકો આ પરમાર્થના કાર્યને મદદ કરવા તથા સદ્જ્ઞાનનો બોધ વધારવા વધુ નહી તો બબે ગ્રાહક તો અવશ્ય વધારશેજ એવી આશા છે.

ગ્રાહકોને મંડળે વધુ લાભ આપવા માટે **શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રન્થમાળાના** પુસ્તકો ઓછી કિંમતે આપવા ઠરાવ્યું છે. માટે ગ્રાહકોએ તેનો લાભ અવશ્ય લેવો.

ગયા અંકથી શરૂ કરવામાં આવેલ "**મલયાસુંદરી**" નોવૅલ બહુજ રસિક છે, જે વાંચનારને પુરૂ વાંચવું પડે તેવું છે. તે પ્રાચીન શાસ્ત્ર શૈલીયુક્ત વિદ્વાન્ મુનિ પંન્યાસ **શ્રીકેશરવિજયજીએ** રચ્યું છે.

### લવાજમને માટે.

જે ગ્રાહકોનું લવાજમ **શ્રાવણ વદ ૫** સુધીમાં વસુલ નહી આવ્યું હોય તેઓને આ ખાસ અંક લવાજમ જેટલા વી. પી. થી મોકલવામાં આવશે. અને તેમાં માત્ર ૦)~ વધુ ખર્ચ લાગશે પણ નાણાં ગેરવલે જવાની જરાપણ ચિન્તા રહેશે નહી. મુંબાઈ અને અમદાવાદના ગ્રાહકોને તે અંક લવાજમના બીલ સાથે માણસ મારફતે પહોંચાડવામાં આવશે. માટે ત્યાંના ગ્રાહકોએ અંક પહોચતાની સાથેજ લવાજમ વસુલ આપવા તસ્દી લેવી. ખાસ અંકની થોડી નકલો વધુ કહાડવામાં આવનાર છે અને ગ્રાહકો વધુ થવા સંભવ છે છતાં પણ

જેઓ શ્રાવણ સુદ ૧૫ સુધીમાં રૂ ૦-૪-૬ સાડા ચાર આનાની ટીકટ મોકલી આપશે તેઓને તે અંક પહોંચાડવામાં આવશે. ત્યારબાદ કીંમત રૂ ૦-૮-૦ પડશે. નવા ગ્રાહકોને પણ લાભ મળશે. માટે ગ્રાહક થઇ અત્યાર અગાઉના (ચાલુ વર્ષના) પ્રગટ થઇ ગયેલા અંકો મંગાવી લ્યો. પાછળથી મલશે નહી.

## અધ્યાત્મ જ્ઞા૦ પ્ર૦ મંડળ તરફનો લાભ શું છે?

" બુદ્ધિપ્રભાના (નવા જુના) ચાલુ ગ્રાહકો જેઓ મંડળના પ્રગટ થયેલ પુસ્તકો પૈકી ઓછામાં ઓછાં રૂ. ૨) ની કીંમતનાં પુસ્તકો મંગાવશે તેને પોણી કીંમતે આપવામાં આવશે. પણ જેઓના ઓર્ડરો શ્રાવણ વદ ૫ સુધીમાં આવશે તેનેજ ખાસ અંકની જોડે વી. પી. થી મોકલવામાં આવશે. (સાથે મંગાવનારને વી. પી. ખર્ચમાં બચાવ થશે.) પાછળથી તે લાભ નહી મળે તે નક્કી. જેઓ રૂ. ૫) નાં પુસ્તકો મજકુર મુદતમાં મંગાવશે તેઓને રૂ ૩ા સવાત્રણમાં વી. પી. થી મોકલીશું.

---

# બધા ઓર્ડરો અમદાવાદ " બુદ્ધિપ્રભા " ઓફીસ.

## જૈન બોર્ડીંગ ઠે. નાગોરીશરાહ.

એ ઠેકાણે સ્વીકારવામાં આવશે ઓર્ડર મોકલવાની મુદત ભુલી જશો તો લાભ ચુકશો.

(ભજનપદસંગ્રહ ભા. ૨ જો શીલક નથી માટે તેનો ઓર્ડર કરવો નહી. બીજા ગ્રન્થોમાં કેટલાકની શીલક કમી છે માટે શીલક હશે ત્યાં સુધી મોકલાશે. વ્હેલો તે પહેલો). મજકુર ગ્રન્થો, અવસ્ય મનન કરવા યોગ્ય છે. સરળ અને સાદી ભાષાને લીધે બાળજીવોથી માંડી વિદ્વાનો સુધી એક સરખી રીતે ઉપયોગી છે. લેખનશૈલી દરેક દર્શનવાલાઓને પ્રેમ ઉપજાવે તેવી છે. આવા ઊત્તમ પુસ્તકો છતાં તદ્દન નજીવી કીંમતે પ્રગટ કરવાની પહેલ મજકુર મંડળેજ કરી છે એમ અમો તો કહીએ તેમાં શું પણ તમો પોતેજ કહેશો. ૧૧ ગ્રન્થ ૩૩૦૦ પ્રષ્ટ માત્ર રૂ. ૫—૮—૦ વલી ઉપર પ્રમાણે લાભ· નીચલા ૧૧ ગ્રન્થો મંડળે પ્રગટ કર્યા છે.

(ગ્રન્થો પાકી બાઇન્ડીંગ અને ઉંચી છપાઇથી સારા કાગલ ઉપર છપાવ્યા છે.)

| | | | | |
|---|---|---|---|---|
| ગ્રન્થાંક | ૦ | **भजनपद संग्रह भा० १ लो.** | પ્રષ્ટ ૨૦૮ | કી. ૦—૮—૦ |
| ,, | ૧ | અધ્યાત્મ વ્યાખ્યાનમાળા. | ,, ૨૦૬ | ,, ૦—૪—૦ |
| ,, | ૨ | **भजन पद संग्रह भा. २ जो.** (નથી) | ,, ૩૩૬ | ,, ૦—૮—૦ |
| ,, | ૩ | ,, ,, **भा. ३ जो.** | ,, ૨૧૫ | ,, ૦—૮—૦ |

| | | | | |
|---|---|---|---|---|
| ,, | ૪ | समाधी शतकम्. | ,, ૩૪૦ | ,, ૦-૮-૦ |
| ,, | ૫ | अनुभव पच्चिसी. | ,, ૨૪૮ | ,, ૦-૮-૦ |
| ,, | ૬ | आत्मप्रदीप. | ,, ૩૧૫ | ,, ૦-૮-૦ |
| ,, | ૭ | भजन पद संग्रह भा. ४ थो. | ,, ૩૦૪ | ,, ૦-૮-૦ |
| ,, | ૮ | परमात्म दर्शन. | ,, ૪૩૨ | ,,૦-૧૨-૦ |
| ,, | ૯ | परमात्म ज्योति. | ,, ૫૦૦ | ,,૦-૧૨-૦ |
| ,, | ૧૦ | तत्वबिंदु. | ,, ૨૩૦ | ,, ૦-૪-૦ |

અમો કંઈ બંધણ કરતા નથી કે અમુકજ ગ્રન્થ મંગાવો, ખુશી પડે તે મંગાવો. પણ ઉપલી મુદત સુધીમાં માત્ર એક કાર્ડ ચોખ્ખા દસ્કતે, પુરતા ઠેકાણા સાથે લખવાની તસ્દી લેવાથી ઘેર બેઠાં માસીક અને પુસ્તકો પોચતાં થશે.

## જ્ઞાનની પ્રભાવના કરો.

ગ્રાહકો કે ગ્રાહકો સીવાયના સઘળી ગ્રહસ્થો જેઓ મજકુર ગ્રન્થો પૈકી કોઈ ગ્રન્થ પર્યુષણમાં **પ્રભાવના**માં વહેંચવા ઓછામાં ઓછી ૫૦ નકલ મંગાવશે તેને પોણી કીંમતે આપવામાં આવશે.

## વિશેષ સૂચના.

લવાજમ વસુલ ન આવે ને ગ્રાહકો વધુ ગણાય તેમ કરવા અમો રાજી નથી માટે ગ્રાહકોએ વી. પી. પાછું વાળવું નહી. કારણકે બોર્ડીંગને લાભને બદલે નુકશાન થાય તે વ્યાજબી કહેવાય નહી.

૧. મોટા અંક છતાં ગ્રાહકો પાસેથી કંઈપણ વધુ ન લેતાં રૂ. ૧-૫-૦ નું જ વી. પી. ( માસિકના લવાજમનું ) થશે.
૨. પુસ્તકો મંગાવનારાઓને તેની કીંમત ઉપરાંત પોસ્ટેજ જુદું સમજવું.
૩. મુદત પછી ઓછી કીંમતે પુસ્તકો મોકલવા બંધાતા નથી.
૪. પ્રભાવના માટે પુસ્તકો મંગાવનારાઓએ પત્રવ્યવહાર **મુંબઈ, ચંપાગલી.** વ્યવસ્થાપક શ્રી અધ્યાત્મજ્ઞાન પ્રસારક મંડળ એ શરનામે કરવો. સીવાયના માટે **અમદાવાદ**—“ બુદ્ધિપ્રભા ” ઓફીસના સરનામે કરવો.
૫. પુસ્તકો સીલકમાં જે નહીં હોય તે મોકલાશે નહીં.

લી૦

**શ્રી૦ અ૦ જ્ઞા૦ પ્ર૦ મંડળ.**

# નજર કરો કોણ વધે છે ?

## અધર વાતો નથી, આતો હરીફાઇ કરી સાબેત કીધું છે. કયાં ! તો લંડનમાં, શું ! તો વાંચોનીચે કોણે ! "ભાજી ખાઉ" વેજીટરીઅનોએ.

સન ૧૯૦૮ માં ૭ મહિના સુધી દશ હજાર છોકરાંઓને લંડનમાં વનસ્પતિનું ખાણું આપવામાં આવ્યું હતું. આ ખાણું આપનાર લંડન વેજીટેરીયન એસોસીએસનનાં સેક્રેટરી મીસ એફ. આઇ નિકલશન છે, અને એક ખાણું બીજા દશ હજાર છોકરાંઓને લંડન કાઉન્ટી કાઉન્સીલ તરફથી માંસનુ આપવામાં આવ્યું હતું. આ ૭ મહિના પૂરા થયે. બંને બાજુના છોકરાંઓને ડાકતરો મારફત તપાસવામાં આવતાં, વનસ્પતિ ખોરાક લેનારા છોકરાંઓ માંસના ખોરાક લેનારા છોકરાં કરતાં વધારે આરોગ્ય, વધારે વજનવાળા, વધારે દ્રઢ સ્નાયુવાળા અને વધારે સ્વચ્છ ચામડીવાળા જણાયા હતા.

હવે લંડનમાં હજારો ગરીબ બાળકોને લંડન વેજીટેરીયન એસોસીએશન તરફથી વનસ્પતિ ખોરાક પુરો પાડવામાં આવે છે. આ કામ લંડન કાઉન્ટી કાઉન્સિલની વિનંતિથી તેની દેખરેખ નીચે કરવામાં આવે છે.

૫ **એમીયન્સના** શસ્ત્રવૈદોના પ્રોફેસર ડોકટર **પૉશૅટે** વારંવાર જણાવ્યું છે કે **અન્નફળ શાકના** ખોરાકથી ઘણાક વહાડકાપના પ્રયોગો અટકાવી શકાય છે.

× × × × ×

૬ ગયા વર્ષના અકટોમ્બર મહીનામાં પેરીસ ખાતે **ફ્રેંચ શસ્ત્ર વૈદોની એક કોંગ્રેસ** મળી હતી; જેમાં ઘણાક તબીબોએ દર્દીઓને વહાડકાપની અગાઉ તથા તે પછી **અન્ન ફળ શાક**ના ખોરાક ઉપર રાખવાની થતી ભારે **ગુણકારી** અસર વિષે મતો અપાયાં હતાં, જેમાં **જીની**વાના પ્રોફેસર **જીરાર્ડ**, **પૅરીસ**ના પ્રો૦ **તુફીયર**, ઍનગર્સના ડૉ. **વાછડેલ. એ**મીયન્સના પ્રોફેસર **પૉશેટ,** વગેરેએ પોતાના દર્દીઓપર કીધેલા જાતી અવલોકનને આધારે અન્ન ફળ શાકના ખોરાકની તરફેણમાં મતો આપ્યા હતા.

# બોર્ડીંગ પ્રકરણ.

**મદદ**— મુંબઇના ઝવેરીના મોતીના કાંટા તરફથી સવંત ૧૯૬૬ ના શ્રાવણ સુદી ૧ થી વરસ એક સુધી બોર્ડીંગને માસિક રૂા. ૧૨૫–૦–૦ સવાસોની મદદ આપવાનો ઠરાવ થયો છે. આ બાબત શેઠ હિરાચંદ નેમચંદ. તથા ઝવેરી અભેચંદ મુલચંદ વગેરે તેમના ટ્રસ્ટી સાહેબોનો પૂર્ણ ઉપકાર માનીએ છીએ.

## બીજી મદદ નીચે મુજબ.

| | | |
|---|---|---|
| ૨૦૧–૦–૦ | ઝવેરી ઉત્તમચંદ મુલચંદ. બા. સુરતની ટીપ વખતે કહેલા તે. | સુરત. |
| ૧૦૧–૦–૦ | ઝવેરી સાકેરચંદ લાલભાઇ. ,, ,, ,, ,, ,, | ,, |
| ૧૦૧–૦–૦ | ઝવેરી કસ્તુરચંદ કલ્યાણચંદ. ,, ,, ,, ,, | ,, |
| ૫–૦–૦ | શા. પ્રેમચંદ દલસુખરામ. | વડુ તા. પાદરા. |
| ૫૦૦–૦–૦ | મર્હુમ ઝવેરી માણેકલાલ ભોળાભાઇ તરફથી તેમની પોતાની મીલકતમાંથી હા. શેઠ કાલીદાસ ઉમાભાઇ. | અમદાવાદ. |
| ૫–૦–૦ | શા. છોટાલાલ રતનચંદ. | સાચેણ તા. વાગરા. |
| ૧૦–૦–૦ | શા. ચુનીલાલ પાનાચંદ. | ભુવા તા. આમોદ. |

---

# અમદાવાદની બ્હેરાં મુંગાની શાળા.

આ શાળામાં બ્હેરાં મુગાં છોકરાંને આપણે બોલીએ છીએ તેમ બોલતાં, લખતાં, વાંચતાં તથા ચિત્રકામ શીખવાય છે. શિક્ષણ મફત અપાય છે. બ્હારગામ વાળાઓ માટે કોઈ અમુક સંસ્થાઓમાં કે અન્ય સ્થલે ખાવા પીવાની સગવડ કરી આપવામાં આવશે. બ્હેરી મુગી છોકરીઓને માટે એક વૃદ્ધ બાઇ સાથે રહેવાની ખાસ ગોઠવણ રાખી છે. વિગત માટે મને લખો.

ખાડીઆ. } **પ્રાણશંકર લલ્લુભાઇ દેશાઇ. બી. એ.**

અમદાવાદ. } **બ્હેરા મુંગાની શાળાના મંત્રી.**

# બોર્ડીંગને સારી મદદ.

અમોને જણાવતાં આનંદ થાય છે કે મુંબાઇના કાંટાના ટ્રસ્ટીઓએ સંવત ૧૯૬૬ ના શ્રાવણ શુદી ૧ થી એક વર્ષને માટે માસિક રૂ. ૧૨૫) ની મોટી રકમ બોર્ડીંગને મદદ આપવા માટે જે ઠરાવ કર્યો છે તેને વાસ્તે તેના કાર્ય વાહકો (ટ્રસ્ટીઓ) નો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે. ઝવેરીઓ આવાં પરોપકારી ખાતામાં મદદ આપતા આવ્યા છે, અને આપે છે એ ખરેખર સ્તુતિ પાત્ર કામ છે. પૈસાનો સદ્વ્યય કરવાનું આના જેવું બીજું ઉત્તમ ક્ષેત્ર તેમને ભાગ્યેજ મળી શકશે; અને તેઓએ પોતાનો ઉદાર હાથ આ બોર્ડીંગ જેવા શુભ કાંમને મદદ કરવામાં લંબાવી બીજાં એવાં ખાતાઓને અનુકરણ કરવા લાયક દૃષ્ટાન્ત પૂરૂં પાડયું છે તે ખાતર તેઓ વિશેષ ધન્યવાદને પાત્ર છે.

સુરતના ઝવેરીઓ બહુજ ઉદાર વૃત્તિવાળા છે અને જો તેમને મુનિરાજો યોગ્ય સલાહ આપેતો તેઓ આવાં ખાતાંઓમાં પૈસા ખરચવા કદી પણ પાછું જોતા નથી. તેઓ કમાઈ જાણે છે એટલુંજ નહિ પણ સારા કાંમમાં ઉદારવૃત્તિથી ખરચી પણ શકે છે. આવા પ્રસંગે મળેલી આ મદદ માટે ખરા અંતઃકરણથી અમે મોતીના કાંટાના મહાજનનો ઉપકાર માનીએછીએ.

## પાંચમી જૈનશ્વેતાંબર કોન્ફરન્સનો એહેવાલ.

અમદાવાદ ખાતે ભરાયેલી કોન્ફરન્સનો સંપૂર્ણ એહવાલ બાળબોધ લીપીમાં રોયલ આઠપેજી કદનો મજબુત પાકાપૂંઠાની બાઇન્ડીંગવાળો હેવાલ માત્ર આઠ આનાની કીંમતે વેચાય છે, ટપાલ ખર્ચના બે આના જુદા મોકલવા. આ પુસ્તક વેચાણનાં સઘળાં નાણાં બોર્ડીંગ ખાતે વાપરવાનાં છે. જલ્દી મંગાવી લ્યો. થોડી નકલોજ છે.

મળવાનું ઠેકાણું.

શ્રી જૈન શ્વેતાંબર બોર્ડીંગ, નાગોરીશરાહ.

અમદાવાદ.